॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 4 • Issue : 6 • 5th May, 2022 • Price : Rs. 10





૮૪ મો
સાક્ષાત્કાર દિન
રામનવમી ઉત્સવ
વિદ્યાલય, લવાછા




॥ હરિ:ૐ ॥
૮૪ મો
સાક્ષાત્કાર દિન
રામનવમી ઉત્સવ




૮૪ મો
સાક્ષાત્કાર દિન
રામનવમી ઉત્સવ




પૂજ્ય શ્રીમોટાનો
૮૪ મો
સાક્ષાત્કાર દિન
રામનવમી ઉત્સવ

હરિ:ૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિ:ૐ ગુંજન

'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)

વર્ષ-૪, અંક-૬ | માનદતંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ | મે-જૂન, ૨૦૨૨

## વાણીનો સંયમ

વાણી ઉપરનો જાગ્રત કાબૂ સાધકે કેળવવાનો રહે છે. વાણીથી વેડફાઈ જતી શક્તિનો સદુપયોગ નામસ્મરણમાં કરવાનો હોય. વાણી કે વચનની પણ શક્તિ હોય છે. જો સ્થૂળ ધનને આપણે ગમે તેમ વેડફી દેતા નથી, તો વાણીધનને કેમ વેડફી દઈ શકાય ? વચનમાં તો દરિદ્રતા જ શોભે. **વાણી ઉચ્ચારણમાં કંજૂસ બનવાનું છે.** કોઈને વણમાગી શિખામણ કે બોધનાં વચન કથવાં નહિ. વણ-ઈચ્છ્યું ક્યાંય કશે માથું મારવું નહિ. ઓછામાં ઓછું બોલવામાં ઘણા લાભ છે. હેતુપૂર્વકની મધુર વાણી, ને તે પણ જ્ઞાનપૂર્વકના સદ્‌ભાવયુક્ત, જ્યારે ઉચ્ચારાય છે ત્યારે તેવી વાણીમાં પ્રાણ પ્રકટેલા હોય છે. વાણી કંઈકને જન્માવે છે, કંઈકનું રક્ષણ કરે છે ને કરાવે છે; કંઈકને મૃત્યુ પમાડે છે. વાણી એ જેમ સમર્થ શક્તિરૂપે છે, તેમ તેનું-વાણીનું-અવ્યક્ત સ્વરૂપ અંતર્મુખપણું તે મૌન છે.

હૃદયથી બોલાતી વાણી એટલે પશ્યંતિ વાણી, ગળાથી બોલાતી વાણી તે મધ્યમા, ને જીભથી બોલાતી વાણી તે વૈખરી અને એ બધાથીયે જે વાણી પર છે તે પરા વાણી. આપણે બધાં તો હજી વૈખરી વાણીની દશામાં છીએ.

જેટલું ઓછામાં ઓછું બોલાય તેટલું ઉત્તમ છે. અઠવાડિયાના એક બે દિન મૌન લેવાય તો ઉત્તમ. મૌન લેવું તે બેળેબેળે નહિ. સાધક વાતોના રસમાં તણાયા કરે તે ઈષ્ટ નથી. વાતોનો રસ ઝેરી રસ છે. ક્યાં, કેટલું શું ને કેવું બોલવું તેનો સૂક્ષ્મ વિવેક કેળવવો જોઈશે.

*('જીવનપરાગ' પાંચમી આ. પૃ. ૪૪૪-૪૪૫)* *પૂજ્ય શ્રીમોટા*

### હરિ:ૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.

હવે આપના દ્વારા સીધેસીધા આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT કે IMPS મારફત નાણાં મોકલી શકાશે.

**હરિ:ૐ આશ્રમ, નડિયાદ**

| | | |
|---|---|---|
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

આશ્રમને ઑનલાઇન પેમેન્ટ કર્યા પછી તેની જાણ વ્હોટ્સએપ મેસેજથી નીચે જણાવેલ વ્હોટ્સએપ નંબર પર પૈસા મોકલનાર સ્વજનનું નામ, સરનામું (પીનકોડ સહિત), **મોબાઈલ નંબર તેમજ પાનકાર્ડ નંબર** પણ અચૂક દર્શાવશો કે જેથી મળેલ નાણાની પહોંચ ત્વરીત પાઠવી શકાય. **ઉપરોક્ત પદ્ધતિથી 'હરિ:ૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**
**(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.) (પાન કાર્ડ નંબર અવશ્ય લખવો.)**
**વ્હૉટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**www.hariomashram.in**
**hariommota10@gmail.com**

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**પમી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.** પત્રવ્યવહાર/સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**
**સંપર્ક : મો. ૭૮૭૮૦ ૪૬૨૮૮**

**લવાજમ દર**

| | |
|---|---|
| **છૂટક નકલ** | **: રૂ. ૧૦/-** |
| **વાર્ષિક** | **: રૂ. ૬૦/-** |
| **પાંચ વર્ષ માટે** | **: રૂ. ૨૫૦/-** |
| **દસ વર્ષ માટે** | **: રૂ. ૪૦૦/-** |

**❁ લખાણ અંગે ❁**

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતીને યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.

**પ્રકાશન સ્થળ** : હરિઃૐ આશ્રમ, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ૮૪મો આત્મસાક્ષાત્કાર દિવસ | રાજેન્દ્રભાઈ રાવલ | ૫ |
| ૨. | જીવનવિકાસ કાજેનો સંગ | પૂ. શ્રીમોટા | ૬ |
| ૩. | સ્ત્રીજીવનની મહત્તા | પૂ. શ્રીમોટા | ૭ |
| ૪. | ભ્રમણામાં ન રહેશો | પૂ. શ્રીમોટા | ૮ |
| ૫. | શ્રીમદ્ રાજચંદ્રનું દૃષ્ટાંત | પૂ. શ્રીમોટા | ૯ |
| ૬. | ભાવના અને કલ્પના | પૂ. શ્રીમોટા | ૯ |
| ૭. | હૃદય હોય તો જ કામનું | પૂ. શ્રીમોટા | ૧૦ |
| ૮. | હૃદય પર જ ધ્યાન | પૂ. શ્રીમોટા | ૧૧ |
| ૯. | હૃદયના એકરાગની પરમાવશ્યકતા | પૂ. શ્રીમોટા | ૧૧ |
| ૧૦. | સંસારથી ઉત્ક્રાન્તિ શી રીતે ? | પૂ. શ્રીમોટા | ૧૨ |
| ૧૧. | જપનું પરિણામ | ડૉ. રમેશ ભટ્ટ | ૧૩ |
| ૧૨. | એકાશ્રયનું મહત્ત્વ | પૂ. શ્રીમોટા | ૧૪ |
| ૧૩. | ગુરુ કરવાનો હેતુ | પૂ. શ્રીમોટા | ૧૫ |
| ૧૪. | સંકલ્પના બળથી એકાગ્રતા | પૂ. શ્રીમોટા | ૧૬ |
| ૧૫. | સમાજસુધારક સંત-શ્રીમોટા | કાર્તિકેય ભટ્ટ | ૧૭ |
| ૧૬. | કર્મનો પ્રેમભક્તિથી સ્વીકાર | પૂ. શ્રીમોટા | ૧૯ |
| ૧૭. | પૂ. ભાઈની કેટલીક વાતો | ધનસુખભાઈ | ૨૧ |
| ૧૮. | સંતરામ મહારાજનું મંદિર | ડૉ. રમેશ ભટ્ટ | ૨૪ |
| ૧૯. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય ભટ્ટ | ૨૫ |


### પૂ. શ્રીમોટાના ૧૨૫મા વર્ષનો પ્રાગટ્યદિન સ્મૃતિચિહ્ન

હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા **પૂ. શ્રીમોટાના ૧૨૫મા વર્ષના પ્રાગટ્યદિન સ્મૃતિરૂપે ચાંદીના સિક્કા ૨૦ ગ્રામ વજનના** તૈયાર કરવામાં આવશે. તો આ સ્મૃતિ કાયમીરૂપે જાળવવા માટે ચાંદીના સિક્કાની નોંધણી દરેક સ્વજનો કરાવશો. ચાંદીના સિક્કાની અંદાજિત કિંમત રૂા. ૧૪૦૦/-થી ૧૫૦૦/- થશે. સિક્કાની નોંધણી કરાવવી હોય તે સ્વજન હરિઃૐ આશ્રમ, નડિયાદ તથા સૂરત અને નામસ્મરણ મંદિર નરોડા ખાતે કરાવી શકશે. સિક્કા ૧૨૫મા વર્ષના પ્રાગટ્યદિન ઉત્સવના દિવસે આપવામાં આવે ત્યારે ચૂકવણી કરવાની રહેશે.

**ટ્રસ્ટીમંડળ, હરિઃૐ આશ્રમ, નડિયાદ**

# પૂજ્ય શ્રીમોટાનો ૮૪મો આત્મસાક્ષાત્કાર દિવસ (સાક્ષાત્કાર મહોત્સવ) લવાછા, સૂરત ૨૦૨૨નો સંક્ષિપ્ત અહેવાલ

હરિઃૐ આશ્રમ, સૂરત દ્વારા ઉક્ત ઉત્સવ દર વર્ષે ઉજવવામાં આવે છે. છેલ્લાં બે વર્ષથી કોરોના મહામારીના કારણે ઉત્સવ ઉજવી શકાયેલ નહીં. જેથી આ વર્ષે ઉત્સવ ઉજવવામાં આવતા આશ્રમના ટ્રસ્ટીઓ યજમાનશ્રીઓ પૂજ્ય શ્રીમોટાએ જેમને સમર્પણાંજલિ આપી છે તેવા પૂજ્ય શ્રીઝીણાકાકાના ગામમાં અને તેઓની જ સ્કૂલના પટાંગણમાં ઉજવવાનો હોઈને જાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને સ્કૂલના મુખ્ય શિક્ષક સાથે તમામ સ્ટાફગણ અને લવાછા ગામના ભાવવિભોર સ્વજનોએ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી તૈયારીઓ કરેલ. જે ખરેખર પ્રશંસાને પાત્ર કામગીરી છે.

પૂજ્ય શ્રીમોટાએ જણાવ્યું છે તેમ ઉત્સવના સ્થળે આગલા દિવસની સાંજથી હાજર હોઉં છું. તેથી ઉત્સવનો આગાળનો દિવસ એટલે કે તા. ૯-૪-૨૦૨૨ને શનિવારે સાંજના નરોડા, અમદાવાદ, સૂરત અને લવાછા ગામ તથા તેની આજુબાજુના ગામોના તથા અન્ય બીજા સ્થળેથી સ્વજનો બહોળા પ્રમાણમાં આવવા માંડેલ. સાંજે ૬.૩૦ કલાકે લવાછા મંડળ તરફથી હરિઃૐ ધૂન, નામસ્મરણ અને ભજનોની સુરાવલીઓ રેલાવી તેમજ સ્કૂલની વિદ્યાર્થિનીઓ દ્વારા સુંદર લોકનૃત્ય રજૂ કરવામાં આવેલ. સ્વજનો ખૂબ જ ભાવથી તલ્લીન થઈ ગયેલ. ત્યારબાદ રાત્રિનું જમવાનું (વાળું) ખૂબ જ રસાસ્વાદથી ભરપૂર હતું.

તા. ૧૦-૪-૨૦૨૨ને રવિવારના રોજ આત્મસાક્ષાત્કાર ઉત્સવનો આરંભ થયો. સવારના ૭.૩૦ કલાકે ચા/કૉફી-નાસ્તો કરીને સ્વજનો સમયસર ક્રમબદ્ધ રીતે ગાદી, ખુરશીઓમાં ગોઠવાઈ ગયા. ભાવિક પટેલ તેમજ તેના સાજીંદાઓ દ્વારા પ્રાર્થના, હરિભજનો અને હરિઃૐની ધૂન દ્વારા સ્વજનોને રીઝવવા માંડ્યા અને સ્વજનો ખૂબ જ તાનમાં આવીને ભાવિક પટેલ તેમજ તેના વૃંદની સાથે તાલ આપવા માંડ્યા અને સમગ્ર માહોલ પૂજ્ય શ્રીમોટામય થઈ ગયો. પૂજ્ય શ્રીમોટાની હાજરી વર્તાતી હોય તેમ હૃદયથી જણાવા માંડ્યું. ખરેખર ભાવિક પટેલની સંગત ખૂબ જ ભાવમય રહી અને સ્વજનો ભાવવિભોર બની ગયા.

ત્યારબાદ ઉત્સવના યજમાન દ્વારા પૂજ્ય શ્રીમોટા રચિત આરતી કરવામાં આવી અને પછી સમય આવ્યો ઉદ્‌બોધનનો. ઉદ્‌બોધન માટે પૂજ્ય શ્રીમોટા જેમને પોતાની દીકરી ગણતાં હતાં અને કહેતા કે નિરંજના સૂરતનો આશ્રમ એ તારું પિયર છે તેવા નિરંજનાબેન મુકુલભાઈ કલાર્થીનું હાલમાં જ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા નારીશક્તિ એવોર્ડ-૨૦૨૨ તેમજ ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાત અસ્મિતા એવોર્ડ ૨૦૨૨થી સન્માન કરવામાં આવ્યું તેમજ આશ્રમ દ્વારા મુકુલ કલાર્થી ટ્રસ્ટને રૂા. ૨,૫૧,૦૦૦/-નું દાન પણ આપવામાં આવ્યું. તેઓએ પૂજ્ય શ્રીમોટા સાથે વિતાવેલ સમયના સંભારણા એટલે સ્વયં અનુભવો ભાવાવેશમાં આવીને વર્ણવ્યા અને સ્વજનોને મોટામય કરી દીધા. તેઓનું સમગ્ર ઉદ્‌બોધન સ્વજનો માટે હૃદયસ્પર્શી અને જાણવા, માણવા યોગ્ય રહ્યું.

ત્યાર બાદ વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. ભદ્રાયુ વછરાજાનીનું પૂજ્ય શ્રીમોટાની આરતી ઉતારતું વક્તવ્ય ખૂબ જ પ્રભાવશાળી રહ્યું. ઉત્સવ ધીમે ધીમે પૂર્ણતાના આરા તરફ જઈ રહ્યો છે. ઉત્સવના યજમાન શ્રી રૂપેશભાઈ રમેશભાઈ પટેલ તથા પરિવારનું સન્માન કરવામાં આવ્યું અને યજમાન દ્વારા પણ સન્માનનીય દાન જાગૃતિ એજ્યુકેશન ટ્રસ્ટને તેમજ હરિઃૐ આશ્રમ સૂરતને આપવામાં આવેલ.

સૌ સ્વજનો પૂજ્ય શ્રીમોટા દ્વારા સંમતિ આપેલ મહાપ્રસાદ લઈને સૌ પોતપોતાના ગંતવ્ય સ્થાને પરત ફર્યા. સૌ સ્વજનો ભાવવિભોર થઈ ગયેલ. ખરેખર સમગ્ર ઉત્સવનું આયોજન ખૂબ જ ઉમદા રહ્યું. આભાર.

**– રાજેન્દ્રભાઈ રાવલ**

## ૨. જીવનવિકાસ કાજેનો સંગ (લેખકના બે બોલ) - પૂ. શ્રીમોટા

આ જીવને કોઈ કોઈ લોક જુદા જુદા પ્રકારની સગવડ આપે છે, અને બીજું તેમનું કામ પણ કરે છે. આ જીવથી કોઈનું કંઈ તેવું પ્રેમથી કરેલું લક્ષમાં રાખી શકાતું નથી, ને કોઈનું પણ કંઈ કશું બની શકતું નથી. કેટલાક જીવને એમ લાગે છે, "અમે એમનું આટલું બધું કરીએ, તે કંઈ કશા લેખામાં નથી અને તેઓ અમારું કંઈ કશું ગણે કરે નહીં, ને અમારું કશું કરે પણ નહીં !" વળી કોઈ કોઈ તો એમ પણ કહે, "અમુકને ઘેર તેઓ જાય ને અમારે ત્યાં તેઓ આવે જ નહીં ! અમુકને તેઓ પ્રેમથી બોલાવે ને અમને તેવી રીતે સમજે નહીં." આવી રીતે જુદા જુદા પ્રકારના જીવો, આ જીવ વિશે જુદી જુદી રીતે મનમાં ગણના કરતા હોય છે.

**આ જીવને કોઈએ માન-આદર આપવું નહીં. તે કદી કશું માગતો જ નથી. તેનું કામ પણ કરવું નહીં અને કરવું હોય તો પોતાના જીવનવિકાસનો હેતુ જીવતો જાગતો મનમાં રાખીને તે કરવું. આ જીવ કને કોઈ પણ જાતની બદલાની અથવા તો આપણે આમ કર્યું તો તેમણે આમ કરવું જોઈએ, એવી ગણતરીની માનસિક ધારણા કોઈ પણ પ્રકારની આ જીવ પરત્વે રાખવી નહીં, એવી પ્રભુકૃપાથી મળેલાં સર્વ સ્વજનોને વિનંતી છે.**

મને કોઈ નહીં બોલાવે તેથી કરીને જરાકે ઓછું આવી શકવાનું નથી, અને મને બોલાવો જ એવી કોઈના વિશે દિલમાં અપેક્ષા પણ નથી. પ્રભુકૃપાથી અમારા તો કશા ઢંગધડા નથી. કોઈ અમારું કશું કરે, તો અમારે તેનું કરવું જ જોઈએ, એવું કશું મંડાણ બાંધેલું નથી. "અમે મોટાનું આટલું બધું કરીએ અને મોટા અમારું કશું માને પણ નહીં, એટલું જ નહીં પણ ઊલટું કોઈક વાર કઠોર વાણી પણ ઉચ્ચારે ને ગમે તેમ પણ બોલે, ને કંઈ વિવેક પણ ન જાળવે !"

જે જીવને અમારે વિશે એવું લાગતું હોય, તેણે અમારો સંગ સમૂળગોયે છોડી દેવો. **અમારો સંગ જીવનવિકાસ કાજે ખપનો લાગતો હોય અને તે પણ અનુભવપૂર્વકના જ્ઞાન સાથેનો સાચોસાચ લાગતો હોય, તેવાએ જ અમારો સંગ કરવો હોય તો કરવો.** વળગવું હોય તો સારી રીતે વળગવું. ગળામાંના બકરીના આંચળની પેઠે વળગેલા રહેવું એ તો સાવ નકામું છે, ઊલટું ભયંકર ત્રાસરૂપ પણ હોવાનો સંભવ છે.

માટે સૌએ જેને કંઈ કરવાનું હોય છે, તે પોતાપોતાને જ માટે હોય છે. **અમારે માટે કોઈ કંઈ કશું કરો એવી માગણી અમે કરીએ ત્યારે અમને ધુત્કારવાનો સર્વ કોઈ સ્વજનને પ્રેમથી હક્ક છે.** એવો હક્ક બજાવશો તો પણ અમને તો આનંદ જ થવાનો.

*('જીવનસોપાન' ત્રી.આ. પૃ. ૯-૧૦)*

## સર્વાધાર-ભગવાન

ભગવાનને આપણે ભૂલી ગયા છીએ. કોઈ કહેશે કે હું રોજ પાંચ માળા કરું છું. તે પછી જમું છું. આ રીતે આપણે ભગવાનને છેતરીએ છીએ. અને ટોડલે મૂકતા હોઈએ તો ઠીક; અરે, ખિસ્સામાં રાખતા હોઈએ તો પણ ઠીક; પણ આ તો 'એ' છે જ નહિ એવી રીતે વર્તીએ છીએ. ભગવાન સંસારવ્યવહારમાં આપણને મદદ કરે છે. જિંદગીમાં કોઈએ પાંચ હજાર રૂપિયા આપ્યા હોય તો એને ભૂલીએ છીએ ? પણ હવા, પાણી, અગ્નિ, પ્રકાશ વગર જીવાય એવું નથી. એ બધું ભગવાને પેદા કર્યું અને એ બધું સહજ રીતે મળે છે અને એ બધું છે તો ખરું ને ? આ બધા સિવાય ના જીવાય એ વાત સાચી ? તો કહે, 'હા'. એની કોઈ દિવસ કદરભક્તિ દિલમાં પ્રગટી ! તો કહે, 'ના'. તો આપણે માણસ તરીકે જીવીએ છીએ તેનું ભાન નથી. ભગવાન તો આપણને પળેપળ જીવાડી રહ્યો છે. એનું ભાન ભગવાનની કૃપાથી આપણને બધાંને પ્રગટે એટલી મારી વિનંતી છે.

*('મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા', પૃ. ૧)*

## ૩. સ્ત્રીજીવનની મહત્તા - પૂ. શ્રીમોટા

બહેનો સામાન્યપણે એમના અંતર્ગત સ્વભાવથી જ ભાવનાશીલ અને શ્રદ્ધા-વિશ્વાસ રાખનારી હોય છે. મોટા ભાગની સ્ત્રીઓની સહનશીલતા પુરુષોના કરતાં ચઢી જાય તેમ છે, ને તેઓ સહન પણ વધુ કરે છે. રોજિંદા વ્યવહારમાં શ્રદ્ધા રાખીને એ વર્તે છે. એમનું કાર્યક્ષેત્ર જ શ્રદ્ધા, વિશ્વાસ ને સમર્પણના પાયા પર રહેલું છે, -ભલે તેનું તેમને જ્ઞાન ન હોય. સ્ત્રીઓ પુરુષોના જેટલી વધુ સંખ્યામાં ભલે ભક્ત, જ્ઞાની કે તપસ્વી તરીકે નીપજ્યાં ન કરી હોય અને ખ્યાતિમાં ન આવી હોય; તેઓ ભલે આધ્યાત્મિક ક્ષેત્રમાં પુરુષોના પ્રમાણમાં સંખ્યાની દૃષ્ટિએ તેઓ આગળ ન આવી હોય પરંતુ એવા પુરુષોની માતા તો તેઓ જ છે. **માતામાં શક્તિ અને સંસ્કાર હતા તો તે પુરુષોમાં આવ્યા. જો આધ્યાત્મિક ભાવના તેમની રગેરગમાં ન હોત તો પુરુષોમાં તે આવી ન શકી હોત. એમના હાડમાં જ ત્યાગ, શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ, સમર્પણશક્તિ આદિ દૈવી ઉચ્ચ ગુણો રહેલા છે.** તેઓનું યુગોના યુગોથી એક જ સંકુચિત ને મર્યાદિત કાર્યક્ષેત્ર રહ્યું હોવાથી તેમના તેવા ગુણો બહાર કામ કરી શક્યા નથી. તે ઉપરાંત તે તે કાળના સમાજની તેઓ અંગેની સમજણ, વલણ આદિ અંગે પણ તેમનું તેવું બની રહ્યું છે. સ્ત્રીઓમાં જે નૈસર્ગિક શક્તિ અને ગુણો રહેલા છે એ કેળવવા અને ખીલવવા માટેની તક, સગવડ, અનુકૂળતા, ઉત્તેજન, સહાય જે જે સમાજ તેમને આપે છે, ત્યાં આ ગુણો એના અનેકગણા પ્રમાણમાં ઝટ વધી શકે છે.

સ્ત્રીઓ કોઈ પણ કાળમાં સંસારવિરક્ત દશામાં પુરુષો કરતાં વધુ પ્રમાણમાં કે તેટલા પ્રમાણમાં પણ નહિ હોઈ શકે; કારણ કે એ એના જન્મહેતુના ક્ષેત્રની બહારની હકીકત છે. એ એના ક્ષેત્રમાં ઉન્નત ઉત્તરોત્તર થયાં કરશે ને એનો વિસ્તાર પણ કર્યા કરશે-જો તેને પૂરતી સાનુકૂળતાઓ કરી આપવામાં આવે તો-એ ખરું; પણ એનું પાયાનું સાત્ત્વિક કાર્ય તો પ્રજાની સત્ત્વશુદ્ધિ સાચવી રાખવાનું છે, એટલું જ નહિ પણ તેમાં કાળે કાળે તેજસ્વિતા, પ્રાણ પ્રકટાવવાનું કામ પણ એનું જ છે.

**પ્રજાના આત્માનું એ હૃદય છે. પ્રજાના જીવનની જે કંઈ શક્તિ છે તેનું મૂળ તેનામાં છે. સારીયે પ્રજાનું ચણતર ને ઘડતર મુખ્યત્વે તેના હાથમાં છે.** એનામાં દેખાતા રાગદ્વેષ, સંકુચિતતા, મમતા એ બધું એનું ક્ષેત્ર એક તો સાંકડું ને વાતાવરણ એવું હોય છે ને એની એ જ અસરમાં રહ્યાં કરવાનું હોવાથી એનું માનસ એવું થતું રહે છે. પુરુષો થોડા ઘણા પણ પ્રમાણમાં વધુ વિચારશીલ અને ઓછા સંકુચિત માનસવાળા જે જણાય છે તે તેમના કાર્યક્ષેત્રના વિશાળપણાને આભારી છે, -ને નહિ કે જ્ઞાનશીલપણાને લીધે છે. બહેનો સંસારવ્યવહારમા અણજાણપણે કેટલોયે ત્યાગ કરી રહેલી છે. તેમનામાં હૃદયતત્ત્વ વધુ વિકસતિ હોઈને તેઓ ખરી રીતે આધ્યાત્મિક માર્ગ માટે વધુ યોગ્ય અને પ્રમાણમાં ઝડપી પ્રગતિ કરી શકે તેમ છે, પરંતુ તેમ બન્યું નથી. એનું કારણ એના ક્ષેત્રની બહાર ડોકિયું કરવાની તેને તક ઓછી સાંપડી છે, એની દુનિયા સાંકડી છે, ને એનું કાર્યક્ષેત્ર પ્રાધાન્યપણે સંસાર અને જગત છે. **નવસર્જનની ક્રિયા ફલિત થવા માટેના જે ગુણોની આવશ્યકતા તે ગુણો કુદરતે સ્ત્રીમાં મૂકેલા છે. સૃષ્ટિનું પાલન, પોષણ પણ આ ગુણોને આભારી છે.**

*('જીવનપરાગ' પાંચમી આ. પૃ. ૫૧૪-૫૧૬)*

## ૪. ભ્રમણામાં ન રહેશો - પૂ. શ્રીમોટા

પ્રારબ્ધ તો વ્યવહારમાં છે. ભગવાનની ચેતનાત્મક ગતિમાં ઊડવા માટે પ્રારબ્ધ બિલકુલ ખલેલ નહીં પાડે. મનુષ્યજીવન મળ્યું છે એ જ બતાવી આપે છે કે **ચેતનને અનુભવવાની શક્યતા છે. પણ એ માટે આપણામાં જ્વાળામુખી જેવી ધગધગતી ભાવના પ્રકટેલી નથી.** ઇચ્છા થવી એ જરૂરી છે પણ એનો વિચાર આવતો નથી. વિચાર આવે તો ભગવાનની ભક્તિ કર્યા વિના રહેવાય નહીં. **ભાવનાનું ઘટ સ્વરૂપ ભક્તિ છે. કોઈ માણસ ભગવાનનું નામ લીધા કરે, બેસીને માત્ર એ જ કર્મ કર્યા કરે, છતાં પણ રાગદ્વેષમાં જ રહેતો હોય તો એ ક્રિયાને પણ હું તો દંભ જ કહું છું. લોકો કહે છે કે રોજ કરોડ જપ કરો તો મોક્ષ મળી જાય. એવું કહેનારાઓને હું કહું છે કે એ વાત ખોટી છે. લોકોને ભ્રમણામાં ન રાખો. જો રાગદ્વેષ મોળા ન પડે; કામ, ક્રોધ, લોભ, દ્વેષ, ઈર્ષા ઘટાડી ન શક્યા તો સતત જપનો પણ ઊઠાવ નહીં આવે.**

### પ્રભુના પ્યારા બનો

ગીતામાં જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ એમ બધું જુદું જુદું બતાવ્યું છે. કુદરતનો વિચાર કરો. જુઓ, આમ લીમડો એક જ છે પણ એના જુદાં જુદાં રૂપો છે. મનુષ્ય પણ એક જ છે પણ રૂપ જુદાં છે. **ભગવાન એકરૂપે હોવા સાથે જુદા જુદા રૂપે એ પ્રકટે છે. દરેકને એક જ સાધન લાગુ નહીં પડે. માટે કહ્યું છે કે જ્ઞાન, ભક્તિ, કર્મ, મંત્ર, લય, અને યોગમાંથી કોઈ ચઢિયાતું નથી.** આ જ્ઞાન પહેલાનું છે પણ ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે તું મારો પરમ શિષ્ય છે એટલે તને આ જ્ઞાન આપું છું. **એટલે તમે ભગવાનને પ્રિય થઈ પડો.**

### અર્જુનનો અધિકાર-મૈત્રી

મહાભારતમાં એક વિચારવા જેવી બાબત છે. ધર્મરાજા યુધિષ્ઠિર સત્યવક્તા હતા. છતાં ભગવાન શ્રીકૃષ્ણે આત્મજ્ઞાન તો અર્જુનને આપ્યું અને પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. કેમ કે અર્જુન એમનો પ્રિય સખા હતો. એ પ્રિય થઈ પડેલો હતો.

**તમે કેવળ સત્યનું પાલન જ કરશો અને એની સાથે જો ભક્તિ નહીં હોય તો સત્યપાલનનું અભિમાન આવશે. ગીતામાતા ચાવી આપે છે કે ભગવાનના ભક્ત થવું હોય તો ભગવાનના પ્રિય થઈ પડો. પ્રભુને પ્રિય થવા માટે તો સંસાર મળેલો છે. આપણે સુખી થઈએ એ કરતાં આપણાથી બીજાઓ કેમ કરીને સુખી થાય એવા વિચાર કરો. ભગવાનને રસ્તે જવું હોય તો મમતારહિત અને અનાસક્તભાવે વર્તીને બધાનાં પ્રિય થઈશું તો ભગવાનના વ્હાલા થઈશું.** આપણે ભગવાનના સ્મરણ સાથે આ રીતે વર્તવાની ધારણા રાખીશું તો જ ભગવાનની મદદ મળ્યા કરશે.

### ભગવાનનું સરનામું

**ભગવાન અદ્ધર લટકતો નથી. એ તો આપણા હૈયામાં પડેલો છે. આપણને એને બોલાવવાનું જ્ઞાનભાન નથી.** આજે તો એવું ચાલ્યું છે કે આપણે માત્ર આપણો જ વિચાર કરીએ છીએ. **ભલે ને તમે આઠ પ્રહર ભગવાનનું નામ લો, પણ જીવનમાં ભાવના ટકાવ્યા સિવાય કશું જ વળે નહીં.** આપણને જે કાંઈ સંપત્તિ મળી છે તે આપણા એકલાને માટે નથી. શરીર સંપત્તિ મળી હોય તો એ બીજાને હેરાન કરવા માટે નથી, પણ બીજાને મદદ કરવા મળેલી છે. પહેલાં આપણો સમાજ સુખી હતો, કેમ કે લોકો ભગવાનનો વિચાર કરીને ચાલનારા હતા. આજે કોઈ તેનો વિચાર કરતું નથી. સમાજ ક્યાં જઈને અટકશે તેનો કોઈને ખ્યાલ નથી.

*('મૌનમંદિરનો મર્મ' પ્ર.આ., પૃ. ૩૦ થી ૩૨)*

## ૫. શ્રીમદ્ રાજચંદ્રનું દૃષ્ટાંત - પૂ. શ્રીમોટા

મેં શ્રીમદ્ રાજચંદ્રની વાત તમને કહી હશે. છતાં એમની વાત કર્યે હું થાકતો નથી. જ્યારે સાધનાકાળ દરમિયાન આવા વિચારો ઊઠતા તે વખતે મને શ્રીમદ્ રાજચંદ્રનું જીવનવૃત્તાંત વાંચવા મળ્યું. એમના જીવનમાંથી મને ઘણી પ્રેરણા મળી છે.

**કર્મ ઉત્તમ રીતે થાય એટલું જ નહિ, પણ કર્મ એવી રીતે કરીએ કે એ કર્મ પરિણામ પણ ઉત્તમ આપે.** આમ તો તેઓ મોટા યોગી હતા. એક વખત તેમને સૂઝ્યું કે પોતાને કોકનું લાખ રૂપિયાનું દેવું છે. એટલે તેઓ મુંબઈ જઈ રેવાશંકર જગજીવનની પેઢીમાં વેપાર કરવા લાગ્યા. ત્યાં તેઓ આડતનો અને હીરાનો ધંધો કરતા. એમ કરતાં એમણે કોઈકની સાથે સોદો કર્યો. એની વિગત હું તમને સમજાવી શકતો નથી.

અમુક સમયે નક્કી કરેલા ભાવ પ્રમાણે પેલા વેપારીએ હીરા આપવા એવા સોદાનો એમણે કરાર કર્યો. હવે મુકરર કરેલા દિવસે (વલણના દિવસે) એ માલના ભાવ એટલા બધા વધી ગયા કે પેલો વેપારી કરાર પ્રમાણેના ભાવે માલ આપે તો ભારે નુકસાનીમાં ઊતરી પડે. એથી એ રાજચંદ્ર પાસે આવીને કરગરવા લાગ્યો. શ્રીમદ્ રાજચંદ્રે કરારનો કાગળ મંગાવ્યો. અને એ કશું નથી એમ ગણીને ફાડી નાંખ્યો અને કહ્યું : "ચિંતા શા માટે કરો છો ?" એમની અનાસક્તિ જુઓ.

જ્યારે ચોપડામાં એક લાખ રૂપિયા એકઠા થયા કે તરત જ એ પેઢી પરથી ઊતરી ગયા. એક ક્ષણની વાર પણ લગાડી નથી. તેમાંથી પત્નીને કે સગાંને કોઈને કાંઈ આપ્યું નહિ. એમણે કહ્યું "આ મારા પૈસા નથી."

*('મૌનમંદિરનો મર્મ' પ્ર.આ., પૃ. ૪૮-૪૯)*

## ૬. ભાવના અને કલ્પના - પૂ. શ્રીમોટા

ભાવનામાં નરી કલ્પના હોય છે એમ કેટલાક ગણે છે, તે સાચું નથી. કલ્પના જુદી હકીકત છે ને ભાવના જુદી હકીકત છે. **ભાવનામાં વાસ્તવિકતા હોય છે. કશું અધ્ધર અધ્ધર હોતું નથી. પાયા કે આધાર વિનાની તે હોઈ શકતી નથી. જ્યારે કલ્પનામાં કોઈક વાર વાસ્તવિકતા હોય પણ ખરી ને તે ન પણ હોય. ઘણા મોટા ભાગે તો વાસ્તવિકપણું તેમાં ઓછું હોય છે. સાધારણતઃ કલ્પનામાં તો ખાલી ખાલી તરંગોનું નકામું યદ્વાતદ્વાપણે ઉડ્ડયન હોય છે.** જીવનવિકાસની ભાવનાના ઘડતરમાં એકલી નરી કલ્પના નિરુપયોગી નીવડે છે. તેમ છતાં કોઈક વેળા ખરેખરા કોઈક સાધક જીવને એવી કલ્પનામાંથી પણ કંઈક મળી જતું અનુભવેલું છે. જ્યારે આપણે જીવનની પ્રખર સાધનાના મહાભાવમાં પ્રકટેલાં હોઈ, તે ભાવે તેમ પ્રત્યક્ષ જીવતાં બની ચૂકેલાં હોઈએ છીએ, તેવી વેળા કલ્પનામાંથી પણ વાસ્તવિકપણું પ્રકટેલું અનુભવેલું છે.

### ભાવના પ્રાબલ્ય પ્રકટતાં...

આ સાચી અનુભવની હકીકત છે. એને કઈ રીતે સમજાવી શકાય તે સમજાતું નથી. ભાવનાનું પ્રાબલ્ય જીવનમાં પ્રકટતાં જીવનના આકાર ને પ્રકાર તદ્દન નવા જ પ્રકટી જતા હોય છે. જેમાં ને તેમાં નવું દર્શન ને નવો ભાવ અનુભવાતાં હોય છે. એવાને પ્રકૃતિમાં માત્ર પ્રકૃતિનું દર્શન નથી થતું, પણ એમાં એને અંતરંગપણે ભાવ-લીલાની રમત અનુભવાય છે. એમ જીવનમાં ભાવમાં ભાવથી એકાકાર થતાં ને ભાવનો સમગ્રપણે વિસ્તાર થતો રહેતો અનુભવતાં, તેવો પ્રખર સાધક પ્રકૃતિનો ઉપયોગ પણ કરી શકતો હોય છે.

*('જીવનપોકાર' છઠ્ઠી આ., પૃ. ૨૯૨-૨૯૩)*

## ૭. હૃદય હોય તો જ કામનું

- પૂ. શ્રીમોટા

મારા ગુરુ મહારાજને કોઈ પગે પડે, ફૂલહાર ચઢાવવા જાય, તેની પ્રાર્થના કરતો હોય કે કંઈ કહેતો હોય, તો તેવી વેળા જ તેને તેઓ કહેતા, 'તારા દિલમાં આ તું જે બોલી રહેલ છે, તેની વાચા પ્રમાણેનો ભાવ જેવો યોગ્યપણાનો ને જેટલો ઉત્કટ ને ઉત્તમપણાનો હોવો ઘટે, તેટલો તો મુદ્દલે તારામાં દેખાતો નથી તારામાં નર્યો સંસાર ભર્યો છે, તારો વેશ, તે તારા બોલવા પ્રમાણેનો જરાકે નથી. પછી તારું બોલવું મારે ગળે કેવી રીતે ઊતરે ? જેની કને જે કામ કરાવવાનું ઇચ્છે છે તેની પૂરતી ગરજ પણ તને જાગેલી નથી ! તું જેની કનેથી કામ લેવા ચાહે છે, તેના અંગે પણ તને શ્રદ્ધાવિશ્વાસ પોતાના કામને ફળાવી શકે એવા યોગ્ય પ્રમાણમાં ને પ્રમાણનાં ક્યાં તને જાગી શક્યાં છે ! જેનાથી જીવનને ઘડવાની વાત કરે છે, જે તારા પૂરા હિતમાં છે, તેની ને તારી વચ્ચે તો મોટો પહાડ ઊભો રાખીને, તેને તું 'ગુરુ' 'ગુરુ' કરીને ખાલી ખાલી નકામો નકામો પોકારે છે. એવું તારું પોકારવું નાહકનું છે ને મિથ્યા છે. તારાં ફૂલો ચઢાવવાં, માળા પહેરાવવી ને એવું એવું કરવું તદ્દન વાહિયાત છે. એનાથી કશું જ ન વળી શકે. તારામાં એના પરત્વે હૃદય જ ક્યાં જાગેલું છે ? તારામાં એના પરત્વેનો ભાવ જ ક્યાં છે ? જેની કનેથી કામ કરાવી લેવા તું ઇચ્છે છે, એને તો તું જરાતરામાં હડફેટમાં ચઢાવે છે. એનો કક્કોયે સ્વીકારવાનું તને દિલ જાગતું નથી. જે કામ કરવું છે, તેની જાગૃતિ, ચીવટ, ખંત, કાળજી વગેરે હજી તને ક્યાં પ્રકટ્યાં છે ? તને તારા કામનું જીવતું રટણ તારા રોજિંદા વ્યવહારવર્તનમાં ક્યાં રહે છે ? ખાલી 'ગુરુ' 'ગુરુ' કર્યે કશું જ વળવાનું નથી. ગુરુના સમર્થપણાનો અનુભવ જીવને ભલે ને થાય, આખું વિશ્વ એને સમર્થમાં શિરોમણિ તરીકે ભલે લેખતું હોય, પણ જ્યાં સુધી જીવ જાગીને એને પોતાના જીવનવિકાસના કર્મમાં જ્ઞાનભક્તિપૂર્વક ઉપયોગમાં લેવાનું કરી શકતો નથી, ત્યાં સુધી ખાલી ગુરુ કર્યે કશું જ વળનાર નથી. તેની સાથે આપણા હૃદયના તારનું જ્ઞાનભક્તિપૂર્વકનું હૃદયમાં હૃદયથી અનુસંધાન પળેપળ સંપૂર્ણ ચેતનયુક્ત જાગૃતિમાં રહ્યાં કરવું ઘટે. એવું અનુસંધાન જ્યારે જીવતી દશામાં હૃદયમાં પ્રકટે છે, ત્યારે જ સાધના સહજમેળે થયા કરે એવી કક્ષામાં તે પ્રવેશે છે. ગુરુના વિશેનો ભાવ જ હજી જ્યાં જીવનના કાજે ઉપયોગમાં લેવા કાજેની સૂઝ પ્રકટેલી નથી, ત્યાં બીજી તે શી વાત કરવી ? ગુરુને કામમાં ન લેવાનું સૂઝતું હોય તો તે ભલે, પરંતુ તેટલાથી કેટલાક જીવો તો અટકતા નથી. એને પોતાનાં વૃત્તિ, વિચાર વડે કરીને ગોદા મારીને એને છંછેડવામાં પોતાની પ્રકૃતિથી પ્રેરાતા હોય છે. એવા જીવો ગુરુ કરે તે તેમને લાભકારક નથી. બલકે તેમનું અકલ્યાણ તેનાથી થતું હોય છે.' એમ કહીને તેમના જીવનના અન્યથાપણાની કેટલીયે હકીકતો તેના મોઢામોઢ મારા ગુરુ મહારાજ કહેતા. તે વેળા પેલો બિચારો ચૂપ જ બની જતો, મૂઢ બની જતો ને એને એમ થતું, 'આને છેતરી શકાય તેવું નથી.'

**જાગૃતિની અનિવાર્યતા**

પ્રત્યેક પ્રકારનું કામ થવા કે ન થવાનો આધાર તે કામની તે તે પ્રકારની પ્રગટતી જાગૃતિ પર રહેતો હોય છે. જાગૃતિ તેથી અનિવાર્ય છે. એ જ જો હજી ન રહી શકતી હોય, તો આપણે વધારે ને વધારે મથવું, ચોંકવું. જીવનના આદર્શની ગરજ-લગની લગાડવાને હૃદયથી, મનમાં બુદ્ધિ દ્વારા ચિંતવ્યાં કરવું. રોજિંદા વ્યવહારવર્તનની ધમાલમાં પોતે પોતાનું અંતરનું કામ તો ન ભૂલવું ને ન ચૂકવું. એ ભૂલ્યાં ને ચૂક્યાં તો બધું જ ભૂલ્યાં ને બધું જ ચૂક્યાં. **જાગૃતિ અંગે તો જે જે કોઈ આ જીવના સંબંધમાં છે, તેને '૩૯ની સાલથી કહ્યાં કરેલું છે. સાધનાના માર્ગમાં જાગૃતિ એ તો મોટામાં મોટું સાધન ને લક્ષણ**

**છે. જેવી ને જેટલી જાગૃતિ તેટલું ને તેવું કામ થવાનું.** આધ્યાત્મિક માર્ગનું પણ ચોક્કસ વૈજ્ઞાનિક શાસ્ત્ર છે. એમાં કશું યદ્વાતદ્વાપણે નથી. તેથી જીવનમાંનું જે તે ફેરવાયા જતું અનુભવાયા કરાય, તો જાગૃતિ પણ જરૂર રહી શકતી હોવી જોઈએ. પોતે નક્કર આધાર પર ટકવાનું છે; નહિતર તો ક્યારેક એવા તૂટી પડીશું કે કળણમાં ડૂબતાં જ ગયા કરીશું.

*('વસંતે બહાર' પ્ર.આ., પૃ. ૮૮ થી ૯૦)*

## ૮. હૃદય પર જ ધ્યાન - પૂ. શ્રીમોટા

ધ્યાન સમયે આડાતેડા વિચારો પ્રકટે છે, તેનું મૂળ કારણ આગળ લખી ગયો છું. ભાવમાં હજી પૂરતાં એકાગ્રતા ને કેન્દ્રિતતા પ્રકટ્યાં નથી તેથી તેમ બને છે. તે પ્રકટશે એટલે વિચારો પણ બંધ પડવાના, ને ત્યારે રસ પણ વધારે પડશે. ભ્રૂકુટિની વચ્ચે (કપાળ ને નાકની વચ્ચે) ધ્યાન કરવાથી વિચારો અટકે છે અને હૃદય ઉપર લક્ષ રાખ્યા કરવાથી હૃદયની ભાવનાશક્તિ અને ગુણ વિકસે છે. તેથી **'વિચારો અટકાવવા' એવો હેતુ રાખ્યા કરતાં હૃદય કે જે ચેતનાશક્તિનું સ્થાન છે તેનો વ્યક્તપણે વિકાસ થયા કરે તો તે વધારે શ્રેયસ્કર છે.** એ સૂતેલો પુરુષ જાગ્રત થાય તો જ સાચો જીવનવિકાસ થઈ શકે, જો કે ભ્રૂકુટિ વચ્ચેના સ્થાન પર એકાગ્ર લક્ષ, લઈ જાય, તો વિચારો આવતા બંધ થઈ જાય ખરા, પણ તેથી કરીને જેને શાશ્વત નિસ્તરંગ, નિઃસંગ સ્થિતિ કહી શકાય તે સ્થિતિ ઝટ પ્રાપ્ત નહિ થાય. એ તો આપણું આખુંયે જીવનસ્વરૂપ ને આધારનાં સકળ કરણો પૂરેપૂરાં બદલાઈ જાય ત્યાર પછીથી થાય છે. માટે આપણે ધ્યાનમાં આવતા વિચારો કેમ અટકી જાય તે તરફ લક્ષ ન દોડાવતાં, તે આવે તો તેને વહી જવા દઈ હૃદય ઉપર ધ્યાન કેમ કરીને એકાગ્ર ને કેન્દ્રિત રહ્યા કરે—ધ્યાનમાં, ને તે સિવાયના બીજા સમયમાં પણ—એ જ આપણે તો સતત જોયા કરવાનું છે.

*('જીવનસંશોધન' ત્રી.આ., પૃ. ૧૦૪-૧૦૫)*

## ૯. હૃદયના એકરાગની પરમાવશ્યકતા - પૂ. શ્રીમોટા

સંસારવહેવારમાં પણ જો શાંતિથી, સુમેળથી કામ કરવાનું હોય છે, તો જે તે બધાં સાથે એકરાગ થયેલો હોય છે, તો જ તેમ બની શકતું હોય છે. તેવી રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં સદ્‌ગુરુની સાથે કોઈ ને કોઈ રીતે ને ભાવે હૃદયનો એકરાગ તો જીવતો પ્રકટી ગયેલો હોવો જોઈશેને ? તે વિના આપણું કામ કેમ કરીને આગળ ધપવાનું ? સંસાર વહેવાર વર્તનમાં જે જે જીવ આપણને મળેલા છે, તેમની સાથે જેવો એકરાગ હોય છે, તેવો ને તેટલા પ્રકારનો એકરાગ અહીં નથી ચાલી શકવાનો તે પણ નક્કર હકીકત છે. અમે કહીએ છીએ કે જીવનવિકાસને કાજે મળેલાં સ્વજનોનો એટલો ને એવો હૃદયનો એકરાગ પણ હજી અમને મળેલો નથી, ને બધાં પ્રેરણાની ને એવી એવી ખાલી વાતો કર્યા કરે છે, તે અમને સાચું લાગતું નથી. તેમ છતાં જે અનુભવો મળેલાં સ્વજનોને થયેલા છે, તેની પણ તે ના પાડી શકે તેમ નથી. પોતાનાં ધનદોલત, માલમિલકત, બૈરાંછોકરાં, પ્રતિષ્ઠા, કીર્તિ, પોતાની સમજણો, માન્યતાઓ, આગ્રહો, ટેવો વગેરે વગેરે પરત્વે જીવને જેટલો રાગ છે, તેટલોય હૃદયનો રાગ સદ્‌ગુરુ પરત્વે જો પૂરો સાચો ને ખરેખરા હૃદયથી જાગેલો હોય, તો તેવા રાગથી કરી, જીવનમાં સાચેસાચું ચીટકી રહેવાનું કામ લાગી શકે. એનો અર્થ એવો નથી કે સ્વજનોએ આ જીવને મદદ કરી નથી, પણ એવી મદદ તો પ્રભુકૃપાથી આ જીવને મળી જ રહી હોત.

### મારે તો હૃદય જોઈએ છે

હું તો માગું છું તેમના તેમના હૃદયને. હૃદય મળ્યું હોય ને બીજું ન મળ્યું હોય તો તે ચાલી શકે છે. બધાં સ્વજનોએ કામ પણ કર્યું છે, પણ તે કામમાં ક્યાં તેમણે જીવતીજાગતી ચેતનયુક્ત હૃદયની ભાવના રાખેલી હોય છે ? અને **આ જીવે તો**

**પોકારી પોકારીને કહેલું છે કે જે કર્મમાં, અંતરની ભાવના, હેતુના જ્ઞાનભાન સાથેની, જો જીવતી રહેલી ન હોય તો તેવાં કર્મથી કશું વળતર થઈ શકવાનું નથી. મારે તો બધુંય ખપનું છે-જો તેમાંથી ઊઠવાનું બનતું હોય તો.**

**ચેત ! ચેત ! ચેત !**

એટલે તું કરતી કારવતી બની જાય, તો જ ખપની છે. બાકી નકામી નકામી રેઢિયાળ છે એમ જ માનવાનુંને ? 'ફરે તે ચરે ને કરે તે પામે' એવી કહેવત પણ છે. તેમાં યથાર્થતા પણ છે. પ્રભુ કૃપા કરે, ને તું વધારે ને વધારે સજાગ બને ! પ્રભુ તારા હૃદયમાં જાગૃત થાય એવી પ્રાર્થના છે. ચેત્યા વિનાનું બધું નકામું છે. એક કર્મ ઉત્તમ કરેલું હોય પણ ચેત્યા વિનાની દશામાં તે કરેલું હોય, ને એક કર્મ ઉત્તમ હોય ને ચેતી ગયેલી દશામાંથી તે કરેલું હોય તો તે બે કરેલાં કર્મ એક જ પ્રકારનાં હોવા છતાં તેવાં કર્મનાં પરિણામ જુદાં જુદાં હોવાનાં. માટે જેમાં ને તેમાં ચેતીને વર્તવું તે ઉત્તમ છે. માટે ચેતો, ચેતો ને ચેતો. એ જ બધાંને પ્રાર્થના છે.

*('જીવનપોકાર' છઠ્ઠી આ., પૃ. ૨૭૭ થી ૨૭૯)*

## હૃદયની આંતરિક ભૂમિકા

પ્રભુને કાજે રોમે રોમે આગ પ્રગટ્યા વિના, એવી પ્રેમભક્તિનું શૌર્ય સાધકના હૈયામાં પ્રગટ્યા વિના, પ્રભુને મેળવવો દોહ્યલો છે. એવી પ્રેમભક્તિ પ્રગટ્યા વિનાના બોલ તે તો ખાલી ખાલી પોકળ છે. ''પ્રેમ-શૌર્ય-અંકિત'' હૃદયની ભક્તિ પ્રગટતાં સાધકનો આધાર પણ બદલાઈ જાય છે. કર્ણો દ્વારા કામ કરતી પ્રકૃતિ પણ બદલાઈ જતી અનુભવાય છે. ભગવાન કાજેનો એવો નૈસર્ગિક પ્રેમભાવ જ્યારે ઉત્કટપણે પ્રગટે છે, ત્યારે જ તે તે બધું વાળીઝૂડીને સ્વચ્છ, શુદ્ધ, કરી દે છે. અને શ્રી ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા થવા કાજે આંતરિક ભૂમિકાને તેવી યોગ્યતાવાળી બનાવી દે છે.

*('સેવો હરિ-ગુરુ-સંતને' પ્ર.આ., પૃ. ૩૦-૩૧)*

## ૧૦. સંસારથી ઉત્ક્રાન્તિ શી રીતે ?

**- પૂ. શ્રીમોટા**

જેમ સ્વપ્નમાં અનેક પ્રકારની વૃત્તિઓ માનવી અનુભવે છે, છતાં જાગી જવાતાં તે આમ થયું હતું તેમ તેને ખબર ભલે પડે પરંતુ તેને તે જીવ ચામજૂની પેઠે વળગી રહેતો નથી, તેનું ઝાઝું મહત્ત્વ પણ તે આંકતો નથી, એ તો સૌ કોઈના અનુભવની હકીકત છે. તેવી જ રીતે સંસાર અને તેના સંબંધો, પ્રસંગો અને બનાવો તથા મનમાં ઊઠતાં અનેક પ્રકારનાં વલણો તે બધાં પરત્વે જો માનવીની સ્થિતિ તટસ્થતાની અને સરળતાની થઈ જાય તો, સ્વપ્નમાં અનુભવેલી વૃત્તિઓ તથા એવું બીજું બધુંયે જેમ સરકી જાય છે તેમ સંસારનું ઉપર ગણાવેલું બધું પણ સરળતાથી સરકી જાય. સ્વપ્નની બનેલી વાત એ તો સ્વપ્નની છે ને વાસ્તવિક નથી એમ માનવી સમજે છે, અને તે ખરેખરું અંતરથી તેમ સમજે છે. એટલે તેને તે ભૂતની જેમ વળગી રહેતો નથી. સંસારમાં અને તેનાં વર્તનોમાં માનવીની સમજણ ઉપરની રીતે જો આપણા અંતરમાં પ્રકટી જાય અને સ્થિત થાય તો માનવી તેમાં અટવાઈને પુરાઈ ન રહે; જકડાયેલો પણ ન રહે; **તેથી તો આપણે પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો ને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકાર એ બધાંથી જે જે બનતું રહે તેને કશુંય મહત્ત્વ ના આપતાં જો અંતરના અંતરતમ ચેતનને ખરેખરું મહત્ત્વ આપવાનું શીખશું તો બધુંય સરળતાથી સરકી જશે,** — જેમ કમળના પાંદડા પર પડેલાં પાણીનાં ટીપાં તેને લેપતાં નથી તેમ. માટે આપણે તો તેવી જાતનો અભ્યાસ કેળવતા રહેવું છે. **જેને વધારેમાં વધારે હૃદયમાં હૃદયથી મહત્ત્વ આપીએ છીએ તેમાં મન આપોઆપ સહેલાઈથી પરોવાય છે.** માટે આપણે શેને મહત્ત્વ આપવાનું છે, તે અંગે પાકું વલણ થવું ઘટે.

*('જીવનસોપાન' ત્રી.આ. પૃ. ૭૦-૭૧)*

## ૧૧. જપનું પરિણામ

- ડૉ. રમેશ ભટ્ટ

**સ્વજન :** જપ કરતાં, વૃત્તિઓ શાથી સાકાર થતી હશે ?

**શ્રીમોટા :** જ્યારે જપ કરવા માંડીએ, જપ જેમ જેમ વધારે વખત કરાતો જાય, જપ અખંડ થતો જાય - જપ માટેનો એ શબ્દ આકાશની સાથે સંકળાયેલો છે. એથી એ જ્યારે અખંડ થાય ત્યારે આ બધી વૃત્તિઓ છે - મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આ બધામાં પોતાની સ્વતંત્ર-શરીરની જુદી જુદી હોય છે. એકની એક જ પ્રકારની નહિ દરેકની જુદી જુદી હોય છે. અને ત્યારે જ એને ફુલ્લ સ્કોપ(=સંપૂર્ણક્ષેત્ર) મળે છે, કારણ કે અત્યારે આપણે જીવદશામાં હોઈએ ત્યારે જુદી જુદી બીજી અનેક પ્રવૃત્તિઓમાં રોકાયેલા પણ હોઈએ છીએ. અને સજાગ હોવાથી આ થાય છે. ભલે તેને રોકી ના શકતા હોઈએ. પણ તે મોળી તો પડે જ છે. મોળી તો પાડી શકતા હોઈએ છીએ- આટલું તો થાય જ છે. પણ જ્યારે શબ્દ સંપૂર્ણ સાકાર થાય છે, ત્યારે શું થાય છે ? મનાદિ ઉપર તેનો કન્ટ્રોલ(=કાબૂ) હોતો નથી. જેમ થતું હોય તેમ થવા દે છે. એવી સ્થિતિ થઈ જાય છે. એટલે આ બધાંય છૂટ્ટાં દોર થઈ જાય છે. ત્યારે આ બધી વૃત્તિઓ ખીલવા માંડે છે. પણ તે વખતે સતત જપમાં રહેલા હોવાથી- આપણામાં જે સાક્ષીપણું છે, તે સાક્ષીપણું વર્તવા માંડે. સાધનામાં પ્રવેશે. સહેજ થોડી ઊંચી કક્ષામાં જાય. એનું સાક્ષીપણું જુદું છે, અને ઊંચે ગયેલો સાધક છે તેનું સાક્ષીપણું જુદું છે, એ સાક્ષીપણાને લીધે પેલો સમજે છે કે આવા આવા આમ આમ તોફાનો થાય છે. અને આ કરે છે એ અખંડ જપ પેલું સાક્ષીપણું છે, તે પછી તેનામાં જે અવેરનેસ(=પૂર્ણ જાગૃતિ) આવી, એને લીધે જે હુકમ નથી કરતો કે દબાવી નથી દેતો. પણ એને એમ કહે છે કે, ‘ભઈ, આ ઠીક નથી કરતો. આનું તારે શું કરવું છે ? તું શું કરે છે આને ? તું જે કરવા માંગે છે, તે આમાં થઈ નથી શકવાનું. તું જો, કરી જો.’ અને કરી જોવા દે છે. એ કરી જોવા દે છે પણ ખરો, પણ થતું નથી. અનુભવ કરીને તે પાછો ફરી જાય છે. શાંત થઈ જાય છે. એમ બધાં ધીરે ધીરે શાંત થઈ જાય છે. એ અવેરનેસ(=પૂર્ણ જાગૃતિ) પછી પ્રકૃતિની સ્થિતિ રહેતી નથી. એની ડીવાઈન અવેરનેસ (=દિવ્ય જાગૃતિ) થઈ જાય છે. એનું મીડિયમ (=માધ્યમ) પ્રકૃતિ હોય છે. અને છતાં પોતાની રીતે પ્રકૃતિ વર્તી શકતી નથી. એ એની જે ઊંચી જાતની સ્થિતિ છે, એના પ્રમાણે વર્ત્યા કરે છે. પ્રકૃતિના લેવલ પ્રમાણે તે વર્તતી નથી.

એટલે શરૂઆતમાં તેના કામ, ક્રોધાદિ હુમલાઓ- ફંક્શનો થયાં કરે છે ખરાં - સાધક એ જાણે છે- અથવા તેનાં જે પરીક્ષણ હોય છે, તે થયાં કરે છે ખરાં. તે થયાં કરે છે એટલે એમાં જે વર્તનારો સાધક છે, તે જાણે છે કે, આમાં સાલું, આ બધું થાય છે. એ કદી એને હુકમ કરીને દાબી દેતો નથી. કારણ કે એ સમજે છે, કે જો એને દાબી દઈએ, પ્રેસ કરીએ, તો એ ફરી વાર ડબલ જોરથી આવવાનો છે. માટે ધીરે ધીરે એની પાસેથી કામ લો. માટે સમજાવી, સમજાવીને એની સાથે કામ લે છે.

**આ બધાં બળો એની સાથે રહે છે. એ સાથે શી રીતે રહે છે. દા.ત. આપણને કામ થયો. એ કામ-પેશનને સાધનામાં શી રીતે વાળી દેવો ? એમ આપણને પ્રશ્ન થાય. પણ એમાં જોશ છે. તે એટલું બધું જોશ છે, જે વાયટાલીટી(=શક્તિમત્તા) છે. તે વાયટાલીટીને આની સાથે જોડી દે. એવી એક કળા આવી જાય છે. સામાન્ય માણસ નહિ કરી શકે. પણ એનામાં એવી કળા આવી જાય છે. ઘણી વખત એણે અભ્યાસ કરેલો, આવા પ્રયોગ કરેલા હોય છે.**

*(‘પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ તદ્રૂપ-સર્વરૂપ’ બીજી આ., પૃ. ૨૬-૨૭)*

## ૧ ૨. એકાશ્રયનું મહત્ત્વ - પૂ. શ્રીમોટા

પવિત્ર આત્માઓના સંપર્ક, સંબંધ અને પ્રેમમાં સાધક જેટલો વધારે રહે તેટલું સારું છે જ. પણ તે વલણ જેટલું કેન્દ્રિત થયેલી દૃષ્ટિવાળું હોય તેટલું વધારે લાભદાયી છે. નહિ તો એટલા બધાની સાથેના સંપર્ક અને સંબંધમાં પણ એની વૃત્તિ અને શક્તિ વેરવિખેર થઈ જાય, વહેંચાયેલી રહે. Dissipate - થઈ જાય. બહુશાખા થઈ વિખેરાઈ જાય અને એથી કરીને એનામાં ગોટાળો થવાનો સંભવ રહે. આ જ કારણસર સાધકની દૃષ્ટિ, વૃત્તિ અને વલણ - ગુરુમાં કેન્દ્રિત કરવા તથા રાખવા માટે જ કોઈ પરમ દૃષ્ટિએ "ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ" વાળા શ્લોકોની રચના કરી હશે.

**જે કોઈ સાધકજીવમાં જીવનમાં અંતિમ ધ્યેય પરત્વેની જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના જાગેલી છે, એવા સાધકને તો ગુરુને તેના હૃદયમાંની તમન્ના ગુરુને પોતાની પ્રત્યક્ષ ખેંચી લાવશે. તેવા સાધકને ગુરુને શોધવા જવું પડતું નથી. સાચી રીતે તો ગુરુ એ કોઈ બહારની ભાવના નથી. ગુરુ અને સાધક - એ બે જુદા હોવા છતાં એક જ છે એવો ભાવ જ્યારે સાધકના દિલમાં પ્રેમભક્તિજ્ઞાન-યોગ ભાવે ઉત્કટપણે દિલમાં જાગે છે ત્યારે એના હૃદયમાં ગુરુ જીવતો બની જાય છે.**

ગુરુનું મહત્ત્વ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં છે. સર્વ કોઈ, કોઈને કોઈ પાસેથી કાંઈ અને કાંઈ શીખતું હોય છે. દરેકને કોઈને કોઈ પાસેથી દોરવણી મળ્યા કરે છે. દરેક વિષયોથી અને બાબતોથી આધ્યાત્મિક માર્ગ એ તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિષય છે. જો જગતના વ્યવહારમાં પ્રત્યેક બાબતમાં સર્વ કોઈને કોઈ પાસેથી શીખવાનું બને છે. તો આધ્યાત્મિક માર્ગમાં ગુરુની જરૂરિયાત અનેકગણી વધારે છે. **આજના યુગમાં નથી ક્યાંય ગુરુની ભાવના કે નથી ક્યાંય શિષ્યની ભાવના. સૌ કોઈને મહેનત વિના, તપશ્ચર્યા વિના, આળસુની પેઠે બેઠાં બેઠાં ખાવું છે. આધ્યાત્મિક માર્ગમાં એવા કોઈ સાધકજીવોને સ્થાન નથી.**

*'જીવનસંદેશ', બી.આ; પૃ. ૪૫, ૪૬*

### ગુરુમાં જ એક લક્ષ

સાધકે જેવા સાધુ થવું છે, તેનું એકલક્ષ રહ્યા કરે અને સંસાર-વહેવારવર્તનમાં એની જ ધારણા જીવતી રહ્યા કરે તો બીજા કંઈ કશામાં મન ન જાય. લક્ષ લાગવું ઘણું જરૂરી છે. લક્ષ લાગ્યા વિના ધ્યાન ચોંટી પણ ન શકે. **ધ્યાન વિના એકાગ્રતા પણ ન થાય. અને એકાગ્રતા ન હોય તો કેન્દ્રિતતા પ્રગટી જ ન શકે. માટે ગુરુમાં એકલક્ષ હોવું ખૂબ ખૂબ જરૂરી છે. યેનકેન પ્રકારે લક્ષ લગાડ્યા કરવું. ગુરુને પ્રેમભક્તિથી વારંવાર હૃદયમાં હૃદયથી પ્રગટાવ્યા કરી, એની કૃપામદદ માંગ્યા કરવી. ગુરુ સ્થૂળ નથી, પણ ભાવાત્મક છે. એનામાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌ને લય પમાડ્યાં કરવો.**

એવી સાધના થવી ભવે સહેલ ન હોય પણ સાધના કરનારને દિલ તો જરૂર તે સહેલી જ છે. જેણે જવાને નિર્ધાર્યું તે તો જવાનો જ છે. માટે મનને હરિનામની લગની લગાડવી. મન બીજા કશામાં ભમતું ન રહે અને વળી વળી હરિનામસ્મરણમાં પરોવાયેલું રહે, તો તો કામ પાકી જાય. માટે હૃદયના તેવા જીવતા જાગતા અભ્યાસમાં મથ્યા કરવાનું થાય તો તે જ સાધક માત્ર ઉત્તમ છે. તમન્નાપૂર્વક, જીવનવિકાસ કાજેનો હૃદયમાં તે જ એક આદર્શ ખરેખરો છે. એમ સાચી રીતે હૃદયથી મનાયું હોય તો પછી જીવનમાં એ જ પરમ, ભવ્ય, રમ્ય આદર્શની અસર સિવાય બીજા કશાની અસર ન પડ્યા કરે, એવી જાગૃતિયુક્ત સચેતનતા જીવનમાં પ્રગટેલી પ્રવર્ત્યા કરે, એનું જ નામ પવિત્રતા છે. સાચી સાધના છે. *'જીવનપોકાર', ત્રી.આ; પૃ. ૩૭૩-૩૭૪*

***('સેવો હરિ-ગુરુ-સંતને' પ્ર.આ., પૃ. ૧૨૨ થી ૧૨૪)***

## ૧૩. ગુરુ કરવાનો હેતુ - પૂ. શ્રીમોટા

કેવળ સંપર્ક કે સંબંધ એકલાથી સાધકને સામી વ્યક્તિનું ચિંત્વન થતું નથી, પણ એમાં જ્યારે રાગ કે આસક્તિ પ્રગટે છે ત્યારે તેનું ચિંત્વન થયા કરે છે- ને રાગ જેટલો વધુ તેટલું ચિંત્વન વધુ-તેમજ એવા ગુરુ પ્રત્યે પણ એ ખૂબ પ્રેમ જામ્યા કરશે તો એનું ચિંત્વન પણ જરૂર સવિશેષ રહેશે. **ગુરુ પ્રત્યેના પ્રેમનો હેતુ સાધકની ચેતનાને જગાડવાનો, જગાડીને ક્રિયાત્મક બનાવવાનો અને તેમ થતાં થતાં, સાધકનું સર્વાંશે દિવ્ય રૂપાંતર થવાનો છે.** આ સંબંધના હેતુમાં પૂરેપૂરી રીતે જ્ઞાન અને ભાન હોવા ઉપરાંત ગુરુ પ્રત્યેનો સાધકનો ભાવ Receptive and Responsive - ગ્રહણાત્મક અને ક્રિયાત્મક સહકારવાળો હોવો જોઈશે. ખરી આતુરતાભર્યા વલણ, વૃત્તિ અને દૃષ્ટિ સાધકમાં કેંદ્રિત, એકાગ્ર અને હૃદયથી રહેવાં જોઈશે.

*'પૂજ્ય શ્રીમોટા-જીવન અને કાર્ય', પૃ. ૨૫૬*

જે જીવથી સાધકને સદ્‌ભાવયુક્ત આકર્ષણ અને તેના વડે કરીને તેના જીવનની ઉચ્ચપ્રકારની મહત્ત્વાકાંક્ષા ફલિત થવાની છે, એવી હૃદયપૂર્વકની સંપૂર્ણ ખાતરી થયા વિના ગમે તેવો સાધક પછી ભલેને તે મહાન ગણાતો હોય, તેને ન વળગવામાં સાર છે. ઉચ્ચાત્માનો આશ્રય જીવનના ઊર્ધ્વીકરણ સારું છે. અને તે પણ સાધનરૂપ છે. સર્વશ્રેષ્ઠ અને સર્વોત્તમ તો એકલા શ્રીભગવાન જ છે. અનુભવથી ગુરુને પારખતાં જ સાધકે શીખવાનું છે. ગુરુ પ્રત્યે પ્રેમ એ તો અખંડિત વહેતો સમુદ્ર છે. તેમાં કશી ત્રુટિ નથી હોતી અને નથી રહેતી. એવા હૃદયનો પ્રેમભાવ થાય ત્યારે સાધકનું મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ સાધકના હૃદયમાં આપોઆપ પરોવાયેલાં હોય છે અને તેની ભૂમિકા સાધનામાં આગળ જતાં પગલાં ભરવા માટેની યોગ્ય ભૂમિકા છે.

*'જીવનસોપાન', ત્રી.આ; પૃ. ૫૧-૫૨*

**જીવન કંઈ રગદોળાઈ જવા કાજે નથી. જીવનમાં ત્રાસ, કંટાળો, મુશ્કેલી, ઉપાધિ વગેરેને ક્યાંયે સ્થાન નથી. તેવું તેવું ઊપજતાં સાધકે વિચારવું ઘટે. તે તે બધું મળે છે તેનો પણ હેતુ છે. શાંતિ, તટસ્થતા, સમતા, ધીરજ, સહનશીલતા, વિવેક આદિ ગુણો કેળવવાને તે તે બધું મળતું હોય છે. એટલે તે તો સાધકના જીવનની પાઠશાળા છે.** એમાંથી જો શીખવાનો જ ખ્યાલ ન રાખીએ અને જીવ-દશામાં તણાયા જ કરીએ, તો એવાને તો કોણ સમજાવી શકવાનું ? એવાની મડાગાંઠો કદી તૂટતી જ નથી. તો શું સાધકે નરકમાં રગદોળાયાં જ કરવું ? જો કે અસલ સ્વરૂપમાં તો જેમાં હોય તેમાં તેના તેના અંતરગત મૂળ ભાવમાં જ સાધક પ્રવર્તતો હોય છે. **જ્યાં સુધી સાધક જીવદશામાં છે, ત્યાં સુધી વારંવાર મનને સંકોરી સંકોરીને, સંકેલી સંકેલીને, ટકોરી ટકોરીને, એને સંસારવહેવાર વર્તનના જીવનપ્રકૃતિના અમલમાં ડૂબતાં ડૂબતાં, તણાઈ જતાં, તણાઈ જતાં, બચાવી બચાવીને, ઊંચે તારવી તારવીને, એને શ્રીભગવાનના ચરણકમળની પ્રેમભક્તિમાં સતત પરોવ્યા કરવાનો જ્ઞાનાત્મક આંતરિક પ્રયોગ હૃદયમાં હૃદયથી કર્યા જ કરવાનો છે.**

*'જીવનપોકાર', ત્રી.આ; પૃ. ૨૯, ૩૦*

સાધકે તો પોતાની ઉન્નતિ કરનારા તરીકે સાબિત થયેલા અનુભવોને આધારે ગુરુના હાથમાં પોતાની જીવાદોરી સોંપવી જોઈએ. શ્રદ્ધા અને હિંમત તથા દૃઢતા ધારીને આધ્યાત્મિક પંથની અનેક કેડીમાંથી પસાર થતાં કે તેને પસાર કરાવવામાં આવતા ડર કે અશ્રદ્ધાને સાધકે પોતાના હૃદયમાં પેસવા ન દેવાં જોઈએ.

*'જીવનસંદેશ', ચોથી આ; પૃ. ૧૫૭*

***('સેવો હરિ-ગુરુ-સંતને' પ્ર.આ., પૃ. ૧૪-૧૫)***

## ૧૪. સંકલ્પના બળથી એકાગ્રતા - પૂ. શ્રીમોટા

**જો આઠે પ્રહર સત્ત્વગુણની નીતિ આપણામાં પ્રગટેલી હોય તો સાક્ષાત્કારની ભાવના પ્રગટી શકે.** કોઈ પણ ભાવનાના વિકાસમાં આગળ વધીએ તો જ આગળ જવાનો રસ્તો ખુલ્લો થાય. એમ ને એમ ભાવનાના ક્ષેત્રમાં આગળ વધીને સળંગતા પ્રગટવાની નથી. રોજ **ધ્યાનમાં બેસો. અને જરા જરા વાતમાં ક્ષુબ્ધ થઈ જવાય તો તો આપણી એકાગ્રતા ન થઈ કહેવાય. એટલે એવું Strong will કે સંકલ્પનું બળ પ્રગટ્યા સિવાય આવી એકાગ્રતા પ્રગટી ન શકે.** દરેક માટે પ્રેકટિસની જરૂર અને દરેકની અભિરુચિ જુદી જુદી હોય એટલે દરેકની રીત પણ જુદી હોવાની. અભ્યાસથી અવારનવાર ભાવનાનો મૂડ પ્રગટે અથવા ઊભરા આવે. બાકી, સળંગ ભાવનાની સ્થિતિ ન રહે. આવા ઊભરાથી આ અંગેનું કામ પતી જવાનું નથી. આવા અભ્યાસથી બેટરી ચાર્જ થયા કરે. **પરંતુ ભાવનાથી એકાગ્રતા, કેન્દ્રિતતા થવાની જરૂર અને તે થવા માટે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની નીરવતા થવાની જરૂર છે. મનનો ધર્મ સંકલ્પ-વિકલ્પ કરવાનો, પ્રાણનો ધર્મ કામના, આશા, તૃષ્ણા, લોલુપતા, ઈચ્છા વગેરે- તે બધું શમી જવાની જરૂર. એટલે એકલા ભગવાનની ભાવનાના તલસાટની જરૂર.**

ઘણાં કહે છે કે, 'મનથી મનમાં સ્મરણ કરીએ છીએ' પણ મનનો ગુણધર્મ તો સંકલ્પ-વિકલ્પ કરવાનો, એ તો એ જ કરે; એને લગની તો સંકલ્પ-વિકલ્પ કરવાની, એટલે એ તો એમાં જ રહે. **માનસિક જપ ઉત્તમ ખરા, પણ આપણું મન એટલું નીરવ ન હોય એ કારણે સંકલ્પ-વિકલ્પ કરવાનું જ એટલે આપણા કાન સાંભળે એટલું મોટેથી કે બોલીને સ્મરણ કર્યા કરવું એ ઉત્તમ છે.** એક વખત મનની નીરવતા થઈ જાય પછી માનસિક જપ થયા કરે, બાકી જે એમ કહે છે કે, 'માનસિક જપ ઉત્તમ' તો તેને મુબારક.

**માણસે જીવનમાં નિશ્ચયાત્મકપણે ટેક રાખવો જોઈએ. 'પર્વત ડગે પણ ટેક ન ડગે'- જો આવું દ્રઢ વલણ રાખવામાં આવે તો તે સાર્થક બને છે.** આપણે બુદ્ધિમાન માણસો છીએ. આ વાતનો સ્વીકાર ન કરીએ, પણ ધરતીકંપ થાય છે ત્યારે પર્વત પણ ડગી જાય છે, પણ જેણે મરણિયો ટેક લીધો છે તે માણસ ડગતો નથી, ખસતો નથી. **ટેક તો એક પ્રતીક છે, પડઘો છે. જીવનમાં તેને માટે ખમીર હોવું જોઈએ.** કાંઈ પણ કરવાને માટે ખમીરની જરૂર છે. પછી તે સાંસારિક બાબતો હોય કે આધ્યાત્મિક બાબતો હોય ! એના વગર કોઈપણ માર્ગમાં આગળ નથી વધી શકાતું. **ટેક પાળવા માટે તો શૌર્ય, ત્યાગ, બલિદાન વગેરેની ખાસ જરૂર હોય છે. તેવા ખમીર વગર આગળ ન વધી શકાય.**

*('પ્રભુની ખોજ' ચોથી આ., પૃ. ૭૨-૭૩)*

### અવતાર નહિ પ્રાકટ્ય

એને આપણામાં અવતારવાને કાજે આપણા હૃદયમાં ઘણો ઘણો ઉમંગ, ઉત્સાહ, પ્રેમભાવ, તીવ્રમાં તીવ્ર જાગૃતિયુક્ત તમન્ના વગેરે પ્રકટાવ્યા કરીએ ને હકીકતનું જ્ઞાનભાન આપણા રોજિંદા સર્વ વ્યવહારવર્તનમાં ચેતનપૂર્વક જગાડતાં રહીએ, તો એ વહાલાને વળી અવતરવાપણું જ ક્યાં રહેલું છે ? એ તો પ્રકટ પુરુષોત્તમ જ્યાં ને ત્યાં છે જ. એને અપ્રકટ બનાવતાં હોઈએ, તો તે આપણે તેને તેમ બનાવતાં હોઈએ છીએ.

*('જીવનપોકાર' પાંચમી આ., પૃ. ૬૪)*

## ૧૫. સમાજસુધારક સંત-શ્રીમોટા - કાર્તિકેય ભટ્ટ

શ્રીમોટા સંત ઉપરાંત સમાજસુધારક પણ હતા. **'મારે સમાજને બેઠો કરવો છે.'** — એ તેમની અભીપ્સા હતી. પોતાના ગુરુમહારાજના આદેશને માન આપીને સમાજને બેઠો કરવા માટે સમાજ પાસેથી દાન લેવાની અને સમાજને તે દાન સમાજના ઉત્કર્ષ માટે પાછું આપવાની પ્રવૃત્તિ શરૂ કરી હતી. **'માનવીના સ્વભાવમાં લોભ, રાગ, સંગ્રહવૃત્તિ, ધનલોલુપતા અને કૃપણતાના તામસી ગુણો હોય છે. ધનાઢ્યપણાનો અહંકાર પણ જેવોતેવો નથી હોતો. આ બધામાંથી મુક્ત થયા વિના માનવી આધ્યાત્મિક માર્ગે કદી અગ્રેસર થઈ શકે જ નહિ. દાનની વૃત્તિ કેળવવી એ આ દિશાની પૂર્વભૂમિકા છે. એનાથી ચિત્તશુદ્ધિ થાય છે અને સાત્ત્વિક સ્વભાવનો પાયો નંખાય છે.'**

પૂજ્ય શ્રીમોટાના અનન્ય ભક્ત શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય લખે છે : ''સમકાલીન સંતોમાં પૂ. શ્રીમોટાની દેણ એ હતી કે તેમણે સદ્ગુરુની કૃપાથી મળેલી અસાધારણ શક્તિથી સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિમાં જ જીવન અને પ્રાણ રેડી દીધો. આપણે જોઈએ છીએ કે સામાન્ય રીતે પ્રતિષ્ઠા પામેલા સાધુસંતોને ચરણે કરોડો રૂપિયાનાં દાન આવે છે પરંતુ તેનો ઉપયોગ દેશ-પરદેશમાં મોટાં મોટાં મંદિરો સ્થાપવામાં અને બીજી રૂઢિગત રીતે થાય છે. સમકાલીન સંત પૂ. રણછોડદાસજી મહારાજ કહેતા : ''ભારતમાં કેટલાંયે દેવસ્થાનોમાં અબજો રૂપિયાની સંપત્તિ છે. પરંતુ દેશની અડધી જનતા અડધે પેટે જીવે છે અને મંદિરોમાં અન્નકૂટના ડુંગરા ખડકાય છે અને તેને પણ પ્રસાદીરૂપે વેચીને પૈસા પેદા કરવામાં આવે છે. કલ્પના કરો કે જ્યારે દેશમાં રામ, કૃષ્ણ, બુધ્ધ કે ગાંધી થવાની સંભવિતતાવાળા કરોડો લોકો ભૂખ્યા મરી જતા હોય ત્યારે મંદિરોના વૈભવોને ધર્મ શી રીતે કહી શકાય ?'' પૂ. શ્રીમોટાને પૂરેપૂરું સમજાઈ ગયું હતું કે દેશનો સમાજ પ્રાણ ખેંચી રહ્યો છે, પરંતુ તેનામાં જીવન રહ્યું નથી. મરણતોલ દશામાં જેમ તેમ શ્વાસ ખેંચી રહ્યો છે. આપણે સામાન્ય રીતે ગમે તે રીતે પ્રાણ ટકાવી રાખવાને જ જીવન સમજીએ છીએ. સ્વમાન વિનાના હડધૂત જીવનને ટકાવી રાખવામાં આપણને સંકોચ કે શરમ લાગતાં નથી. **પૂ. શ્રીમોટા આવા મરણતોલ સમાજને પ્રાણવાન કરવા, ખમીરવંતો બનાવવા, સાહસ અને પરાક્રમો કરવા માટે બેઠો કરવા માગતા હતા. સમકાલીન સંતોમાં પૂ. શ્રીમોટાની આ એક વિશેષતા હતી.**

દાન કરવા પાછળનો ભાવ પરોપકારનો નહિ, પરંતુ આત્મકલ્યાણનો હોવો જોઈએ. શ્રીમોટા કહેતા કે દાન કરનાર કરતાં દાન લેનાર વધારે ચઢિયાતો છે, કારણ કે તે તમને ગુણવિકાસની તક પૂરી પાડે છે. સ્વામી વિવેકાનંદે પણ આ જ વાત કરી હતી. **શ્રીમોટા લખે છે : 'દાન કરતી વખતે જેને દાન કરતા હોઈએ તેના પરત્વે હૃદયની ભક્તિ પ્રગટે અને આપણાં કરણો ઉદારતા, વિશાળતા વગેરે ભાવો જ્ઞાનપૂર્વક અનુભવે તથા આપણી સંકુચિતતાની વાડો તૂટે તેવું કરેલું દાન જીવન-વિકાસને ઉજાળે ખરું.'**

શ્રીમોટાએ એમની હયાતી દરમિયાન દાનયજ્ઞ દ્વારા ચાર કરોડ રૂપિયા સમાજને ચરણે ધર્યા હતા. એક બાજુ શ્રીમોટાના આશ્રમોનાં મૌનમંદિરોમાં સાધકો તેમના જીવનવિકાસ માટે મથતા તો બીજી બાજુ આશ્રમ દાનપ્રવૃત્તિના આ યજ્ઞથી પ્રકાશી ઊઠતો. શ્રીમોટાના દેહોત્સર્ગ બાદ પણ આ ચાલુ રહ્યું છે. શ્રીમોટા એમનો જન્મદિન કે સાક્ષાત્કાર દિન એટલા માટે યોજવા દેતા કે તેમને સમાજના ઉત્થાન માટે પૈસા મળી રહેતા. તેમની એક જ અપીલ હતી : 'મને નાણાં આપો.' તેઓ સભા- સમારંભોમાં તેમની લાક્ષણિક ઢબમાં બોલતા : **'શેઠિયાઓ, ધોતિયાં ખંખેરીને ઊભા ન થશો, કાંઈક મૂકતા જાવ.'** શ્રીમોટાની આ ટહેલ કદી ખાલી ગઈ નથી. હંમેશાં આ સાચા સંતની ઝોળી છલકાઈ ગઈ છે. પૂ. શ્રી રવિશંકર મહારાજ કહેતા : 'મોટા પાસે ધન ભલે ન હોય પણ તિજોરીની ચાવી છે, એ ગમે તેની તિજોરી ખોલી શકે છે.'

હિન્દી ભાષાના વિદ્વાન પ્રાધ્યાપક, શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં ભક્ત, શ્રીમોટાનો અંગત પરિચય પામનાર સ્વ. ડૉ. રણધીર ઉપાધ્યાય લખે છે, 'પશ્ચિમમાં વિજ્ઞાન અને યંત્રવિદ્યાએ અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે. પણ ત્યાં હૃદયના ગુણોની ઉપેક્ષા થઈ છે. પરિણામે ત્યાં બધું મળ્યું છે ખરું, પણ માનવી ખોવાઈ ગયો છે. **પૂજ્ય શ્રીમોટા પોતાની દાન-પ્રવૃત્તિ દ્વારા માનવીની મુખ્યત્વે પ્રતિષ્ઠા કરે છે, તેના ઉદાત્ત ગુણોનો વિકાસ કરે છે અને માનવએકતાની આધ્યાત્મિક દિશા ઉઘાડે છે. દાનનું આ વિશિષ્ટ દૃષ્ટિબિંદુ બીજે ક્યાંય જોવા મળતું નથી.'**

ગામડાંઓમાં પ્રાથમિક શાળાના ઓરડા બાંધવા માટે, સંશોધન અને વિકાસ [R and D] માટે, પર્યાવરણની જાળવણી માટે, દુષ્કાળરાહત માટે, સ્ત્રીકેળવણી અને સ્ત્રીઉત્થાન માટે, વ્યક્તિ કે સમાજમાં ગુણ અને ભાવનો વિકાસ થાય એવી યોજનાઓ માટે શ્રીમોટા દાન આપતા હતા. દાન દેવા પાછળ શ્રીમોટાની વિશિષ્ટ દૃષ્ટિ હતી. **શ્રીમોટાની આ દાનપ્રવૃત્તિને મેં 'દાનના અર્થશાસ્ત્ર' તરીકે ઓળખાવવાનું મુનાસિબ માન્યું છે.** શ્રીમોટાએ પસંદ કરેલાં દાનનાં ક્ષેત્રો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આર્થિક વિકાસમાં ઉપકારક નીવડે તેવાં છે.

બીજી મહત્ત્વની વાત એ છે કે દાનની રકમના વ્યાજ-ભંડોળમાંથી વિભિન્ન ક્ષેત્રે ગુણ-ભાવ પોષક પુરસ્કારોની યોજનાઓ સાકાર કરવામાં આવી છે, પરંતુ કોઈ પણ પારિતોષિક સાથે શ્રીમોટાએ પોતાનું નામ જોડ્યું નથી, કે દાન આપનાર વ્યક્તિનું નામ પણ ખાસ જોડ્યું નથી. જુદાં જુદાં ક્ષેત્રોમાંનાં પારિતોષિકો સાથે તે તે ક્ષેત્રમાં વિશેષ અને વિશિષ્ટ પ્રદાન કરીને સિદ્ધિ મેળવી હોય એવા મહાનુભાવોનાં નામ જોડ્યાં છે. મહર્ષિ અરવિંદ ઘોષ, ભગિની નિવેદિતા, હોમી ભાભા, ડૉ. વિક્રમ સારાભાઈ, વીર સાવરકર જેવી વિભૂતિઓનાં નામો સાથે સંયોજિત પારિતોષિક વિજેતાને પ્રાપ્ત થાય ત્યારે તે એકસાથે તે વ્યક્તિવિશેષની વિભૂતિમત્તાનેય પામતો હોય અને એવા ધ્યેયને સાકાર કરવાની ભાવનાને કેળવતો થાય એવી સહજ રીતે રચાતી પ્રેરણાક્રિયા શ્રીમોટાએ સાધી છે. 'Encyclopaedia Britanika' જેવો ગુજરાતીમાં વિશ્વકોશ તૈયાર કરવાનો સૌ પ્રથમ ખ્યાલ શ્રીમોટાએ રજૂ કર્યો હતો.

અર્થશાસ્ત્રના સાહિત્યમાં ભારત જેવા ગરીબ દેશમાં વસતીવૃદ્ધિના દરને નિયંત્રિત કરવાના ઇરાદાથી સ્ત્રીશિક્ષણનું મહત્ત્વ આંકવામાં આવે છે. ઈજિપ્તમાં તો કહેવત છે, 'સ્ત્રીને શિક્ષણ આપો અને જન્મદરને નિયંત્રિત કરો.' બાલ્ડવીન અને મેયર જેવા વિકાસમાન અર્થકારણના અભ્યાસીઓએ રાષ્ટ્રની પછાતતા માટે ઊંચા જન્મદર અને સ્ત્રીઓના નીચા સામાજિક દરજ્જાને કારણભૂત ગણાવ્યો છે. શ્રીમોટાએ આના કરતાં પણ ઘણા ઉચ્ચ ધ્યેયની વાત કરી છે. **શ્રીમોટા એમ માનતા હતા કે સમાજને બેઠો કરવા માટે અને રાષ્ટ્રને વિકાસોન્મુખ કરવા માટે સ્ત્રીઓનાં ઉત્થાન અને કેળવણી માટેનો આગ્રહ રાખવો જોઈએ. સાહસ અને શૌર્યવાળી સ્ત્રીઓ જો તૈયાર થાય તો રાષ્ટ્રની ઉન્નતિનું કાર્ય સરળ બની શકે.** આથી જ શ્રીમોટાએ હવે પછીનો જન્મ સ્ત્રી તરીકે લેવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. વિશ્વવિખ્યાત તત્ત્વચિંતક વિમલા ઠકારે શ્રીમોટાને માનવપ્રેમી, જીવનરસિક, પ્રખર ગાંધીભક્ત, કર્મનિષ્ઠ, સમાજસેવક તરીકે બિરદાવીને કહ્યું હતું : 'જ્યારે શ્રીમોટાને મળવાનું થતું ત્યારે આંસુ ભરેલાં નેત્રો અને રુંધાયેલા કંઠે કહેતા : 'આગલો જન્મ સ્ત્રીદેહમાં લેવો છે. સ્ત્રીદેહમાં જ સંપૂર્ણ, નિર્દોષ પ્રેમની પ્રતીતિ સંભવે છે.'

શ્રીમોટાએ કહ્યું છે : 'પહેલાં મને લાગતું હતું કે હું દક્ષિણમાં જન્મ લઈશ. હવે એમ નથી લાગતું. મને સ્થળનું નક્કી નથી લાગતું. મને દક્ષિણનો દેશ ગમે છે તો બહુ, પણ આ રીતનું નક્કી નથી લાગતું. શ્રીમોટાના શબ્દોમાં : 'હું ફરી જન્મવાનો, પણ તેની વાર લાગશે... કારણ કે જે જે જીવોનો સમાગમ મારે જોઈએ તે બધા જીવો હું જન્મું ત્યારે હાજર હોવા જોઈએ; ત્યાં સુધી 'I shall have to wait.'

*('હરિઃૐ શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ' ૧લી આ., પૃ. ૪૧ થી ૪૮)*

## ૧૯. કર્મનો પ્રેમભક્તિથી સ્વીકાર - પૂ. શ્રીમોટા

મળેલું કર્મ, એનો જીવનવિકાસના હેતુ અર્થે પ્રેમભક્તિભાવે સ્વીકાર એ સાધનામાં ઘણું ઘણું જરૂરનું છે. દિલનો ભાવ પરોવી પરોવીને ઉત્તમમાં ઉત્તમ રીતે કર્મ કરવાથી, તેમાં શ્રીપ્રભુપ્રીત્યર્થની ભાવનાને સળંગ જીવતીજાગતી કેળવ્યા કરવાનું રાખવાથી અને તેવી રીતે કર્મ કર્યા કરવાથી ગુણ અને શક્તિ બંને પ્રગટે છે. કર્મમાત્ર ભાવનાને કેળવવાને અર્થે છે. કર્મથી ભાવના સાકાર થાય છે. એટલા માટે જીવનને ઉન્નયન કરવામાં કર્મની વિશેષતા છે.

કરાંચી, હરિઃૐ તા. ૨૯-૨-૧૯૪૦

### ૧૯૨૪માં કરાયેલી પ્રાર્થના

(વસંતતિલકા)

**એક્કેય સાધન કશું મુજ પાસ ના છે,**
**ભારે સમુદ્ર તહીં કેમ તરી જવાશે ?**
**આધાર માત્ર મુજને પ્રભુ ! એક તારો,**
**ચાહે ડુબાડ અથવા ગ્રહી હાથ મારો.**

•

**આ ધૂળનાં રજકણો કંઈ કામ લાગે,**
**હું તેટલોય ખપ આવું નહિ જરીયે,**
**આવી દશા અધમ છેક નિહાળી મારી,**
**હું તો બળી બહુ મરું, પ્રભુ ! લે ઉગારી.**

•

**તારી કૃપા વરસશે નહિ હુંપરે જો,**
**જીવી શકીશ નવ હું પળ એક તો તો,**
**આધાર છે મુજ બધો પ્રભુ ! એકલો તું,**
**યાચું, મને પળ ન એક વિસારજે તું.**

•

**પોકાર પાડી તુજને વીનવ્યા કરું છું,**
**શાને પ્રભુ ! મુજ કશું નવ સાંભળે તું ?**
**આ રાંકની દિલ દયા ધરજે પ્રભુ ! તું.**
**કહેવા મને હક નથી વધુ એથી બીજું.**

•

**જો પાદપદ્મથી મને તરછોડશે તું,**
**ક્યાં જાઉં હું ? અવર ના સ્થળ જ્યાં ઠરું હું,**
**ક્યાંયે ન કો તુજ વિના પછી બેલી મારું,**
**તો રાંકની પર કૃપા કંઈ રાખજે તું.**

•

**કોને જઈ હૃદયની કહું વાતને હું ?**
**ને ક્યાં રડું વીતકની કથની પ્રભુ ! હું ?**
**કો પાડશે તુજ વિના ઉર શાંત મારું ?**
**તેથી હંમેશ પદ હું, દિલ ઠાલવું છું.**

•

### સાચો વિશ્વાસ

ભાઈને પણ પ્રભુકૃપાથી વિશ્વાસ બેસતો જાય છે, એ વાત જાણી પરંતુ તમે એમને સ્પષ્ટ કહેશો કે કોઈ રીતે જેમ તેમ કરીને મારા પર વિશ્વાસ ના રાખે, એટલી મારા પર મહેરબાની કરે અને કૃપા કરે. સાચી શ્રદ્ધાથી જામેલો વિશ્વાસ જ કસોટીના કાળે ટકી શકશે, બીજો નહિ, કારણ કે અત્યારે તો એમને મારા વિશે સારું સારું લાગે, પરંતુ જ્યારે એમના મનને ના ગમે એવું કડવું કરાવવાનો સહજ પ્રસંગ પ્રાપ્ત થશે, ત્યારે જ તે વિશ્વાસની સાચી કિંમતની ખબર પડશે.

**નમનનું રહસ્ય**

આ જીવે તમને કહ્યું હતું કે 'એના કરાંચી પહોંચ્યા પછી તમને ઠીક થશે.' અને તેમ થયું છે એમ તમે લખો છો તેથી આનંદ થાય છે. હું ત્યાં હતો ત્યારે તમારી બધી આનંદવૃત્તિ ખેંચી લીધી હતી, કે જેથી તમને તમારી સ્થિતિનું સાચું ભાન થાય, અને તમારું અહમ્‌થી રચાયેલું બધું ભાંગીને ભૂકો થઈ જાય. મારી સમજણના હિસાબે તે કામ હજી પૂરેપૂરું થયું નથી. વળી પાછું હવે નસ્તર મુકાવવાની સત્પ્રેરણા ભગવાન જ્યારે કરાવશે ત્યારે ખરું. તમારી આનંદવૃત્તિની હરાઈ ગયેલી દશામાં પણ તમે મારા પર જે વિશ્વાસ રાખ્યો, તે માટે તો વધારે શું લખું ? સ્ટેશન ઉપર

બધાંયનાં દેખતાં તમે મને પગે લાગી તમે તમારાં મનબુદ્ધિને નમાવ્યાં છે, તે ખરેખર રુચતું જ કર્યું છે. અક્કડપણાને અને અહમ્‌ને નમ્રતામાં પ્રગટાવવાને માટે જ્ઞાનભક્તિયુક્ત ભાવથી નમવું તે પણ સાધનાનો એક પ્રકાર છે. નમન તે પોતાને માટે છે. હું કદી પણ કોઈને નમવાનું કહેતો નથી. **નમન કરવું એટલે સદ્‌ભાવનાને ઉન્નતગામી કરવાના હેતુથી પ્રપત્તિયોગનું શરણું સ્વીકારવું તે.** હવે તમારો આત્મવિશ્વાસ પણ પાછો તમને મળશે એટલે કે જાગ્રત થશે.

### વિશ્વાસ, પુરુષાર્થ અને કૃપા

વિશ્વાસની પણ ચડતી ચડતી અનંત માત્રાઓ હોય છે. સાચા દિલનો પ્રગટેલો વિશ્વાસ કદી ઓગળી જતો નથી. આપણે 'ભગવાન' 'ભગવાન' કરીએ છીએ ખરાં, પરંતુ તેના વાસ્તવિકપણાનું જ્ઞાનભક્તિપૂર્વકનું યોગ્ય ભાન આપણને પ્રગટેલું હોતું નથી. બાકી તો વિશ્વાસની ભાવનામાં કશું પણ ગુમાવવાનું કદી પણ હોતું નથી. ઉપર 'આનંદવૃત્તિ ખેંચી લીધી હતી' એમ લખ્યું છે, એની પાછળની ભાવના કોઈ કર્તૃત્વપણાની નથી પણ કોઈ ઈશારાની સૂક્ષ્મ ગૂઢ ભાવના છે, એમ સમજવા કૃપા કરશોજી. હું તો એની કૃપાથી સાધન માત્ર છું. અને એ પણ એક દૈવી ઘટના હતી. તમારા જીવનશોધનને માટે તે ઘણી ઘણી જરૂરની હતી, પછી ભલે તમને તે ભારે તાવણીરૂપ લાગી હોય. આપણું કર્તુત્વપણું, આપણું બળ, આપણી કરામત અને આપણાથી બનતો જતો પુરુષાર્થ એ બધું તેની કૃપાના બળ આગળ કશી જ વિસાતમાં નથી એનું સ્પષ્ટ ભાન આપણને જાગી જવું ઘટે છે.

### અહંકારનું ઉન્નયન

તેનો અર્થ એવો નથી કે આપણે તે તે બધું કરવાનું નથી. વળી, જ્યાં સુધી આપણું સૂક્ષ્મ હુંપદ ગળી જતું નથી, ત્યાં સુધી ભગવાનનો ભાવ કોટિ ઉપાયે પણ છતો થઈ શકવાનો નથી. હુંપદનો, અહંકારનો તો જડમૂળથી એની શૂન્યતામાં ઓગળી જવા માટે અને ભગવાનની ભાવનાને કેળવવા માટે આપણે સતત જ્ઞાનપૂર્વકનો સદુપયોગ કર્યા કરવાનો છે, બલકે કહોને કે એને, હુંપદને, Sublimate કરીને, એનું ઉન્નયન કે દિવ્ય રૂપાંતર કરીને, એનો જ્ઞાનયુક્ત સદુપયોગ કરવાનો છે. એ કળા શીખી લીધા વગર છૂટકો નથી.

*('જીવન દર્શન' ૧૧મી આ., પૃ. ૨૭-૩૨)*

### 'હરિઃૐ ગુંજન'ને મળેલ આર્થિક સહયોગ

| | | |
|---|---|---|
| (૧) | સ્વ. ભાસ્કરભાઈ સી. ભટ્ટ, હસ્તે પ્રિયાંક વિપુલભાઈ ભટ્ટ - અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/- |
| (૨) | શ્રી હર્ષદભાઈ પી. શાહ - વલ્લભ વિદ્યાનગર | રૂ. ૧૦,૦૦૦/- |
| (૩) | ઈનાબેન ભરતભાઈ ચોક્સી - નડિયાદ | રૂ. ૩,૦૦૦/- |
| (૪) | સુજ્ઞશ્રી મૃદુલાબેન એમ. મુખી - અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| (૫) | સ્વ. યોગેશભાઈ પી. આશરા, હસ્તે લતાબેન - અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| (૬) | શ્રી મનહરભાઈ પ્રભુભાઈ પટેલ - લવાછા, સૂરત | રૂ. ૧૦૦/- |

**'હરિઃૐ ગુંજન' ઉપરોક્ત સર્વે સ્વજનોને હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.**

## ૧૭. પૂ. ભાઈની કેટલીક વાતો - ધનસુખભાઈ

॥ હરિઃૐ ॥

શ્રી સનતભાઈ,

પૂ. ભાઈના જીવન જીવવાની રીતના મણકાઓની કેટલીક સત્ય હકીકત, ઘટના લખું છું. આ બધું સાચવજો. ભવિષ્યમાં પૂ. ભાઈના લેખમાં ઘણું ઉપયોગી નિવડશે.

(૧) દા.ત. મેં તમને એક સરસ કિંમતી પારકર પેનનો સેટ ભેટ આપ્યો. તમે એનું શું કરો છો તે જોવા-જાણવાની મારી જીજ્ઞાસા શું ? એમ સમજવું કે હજુ એ ભેટ ઉપર મારો અધિકાર રહેલો છે. શું સ્ખલિત હાથે તમે વાપરો છો. યાદગીરી તરીકે મૂકી રાખો છો, કે પછી કોઈને આપી દ્યો છો. સત્ય હકીકત એ છે કે, મેં તમોને ભેટ આપી, એટલે મારી માલિકી પૂરી થઈ, મારો હક્ક જતો રહ્યો, તમારે જે કરવું હોય તે કરી શકો છો. કારણ તમારી માલિકી હવે પૂરેપૂરી થઈ. સંસાર વહેવારમાં આ વાસ્તવિક્તા કેટલા સ્વીકારે છે ?

(૨) પૂ. ભાઈ વસ્તુઓ મંગાવતા, શહેરમાંથી સૂરતમાં મારી પાસે. કિંમતથી વધારે રૂા. આપતા. કારણ મારી પાસે પૈસા ન હોય તો વસ્તુ લાવવામાં વિલંબ થાય. હું ગલ્લાં તલ્લાં કરું, સમય મળ્યો નથી. વિ.વિ. વસ્તુ જે આપે તે સ્વીકારી લેવા મજબૂર. આપણને (પૂ.ભાઈને) ગમે કે ન ગમે. ૯૦% મુશ્કેલી પૈસાથી દૂર થાય...

(૩) મને ઘણી વખત લાંબા પૈસા આપતા. એકવાર તો બે લાખ રોકડા લઈ મુંબઈ જવાનું થયેલું. મને પૂ.ભાઈએ સ્પષ્ટ કહેલું કે ધનસુખભાઈ આ પૈસાની બેગ ટ્રેનમાંથી ગુમ થાય કોઈ ગુંડાઓ લૂંટી લે જે બન્યું હોય તે તમારે સાચે સાચું રજૂ કરવું. એ પૈસા તમારે ભોગવવાના નહિ એ મારા જાય. કારણ મારે મુંબઈ જવું જોઈએ તેને બદલે હું તમને મારા પ્રતિનિધિ તરીકે તમારા ઉપર પૂરેપૂરો વિશ્વાસ છે એટલે મોકલું છું. તમારે જરાપણ ચિંતા કે ગભરામણ રાખવી નહીં. બધી રીતે હું જવાબદાર છું. સંસાર વહેવારમાં આનાથી ઉલટું ચાલે છે. શ્રીમોટા પણ જુદી રીતે વર્તેલા, શ્રીમોટાને કોઈ સોંપે તો કહે કે ભાઈ આ ગુમ થાય તો જવાબદારી મારી નહીં. તારી જ. હું કંઈ ભોગવી શકું નહીં, તારું જ જાય, તારે આપવું હોય તો આપ.

(૪) કામ જેને સોંપવામાં આવે છે એ કામ કરી સોંપનાર ઉપર ઉપકાર કરતો નથી, પણ કામ સોંપનાર કામ કરનાર ઉપર ઉપકાર કરે છે. કારણ કામ કરવાથી તેના જીવન ઘડતરનો પાયો મજબૂત થઈ વિકાસ પામતો રહે છે. વિકાસ થતો રહે છે.

(૫) કોઈને ટપાલ નાખવા પૂ.ભાઈ આપે ને જો તે ત્યાં જ વાંચતો થાય તો તેને કંઇ કહે નહીં. પણ બીજી વખત ટપાલ નાખવાનું કામ સોંપે નહીં. તેનો એકડો નીકળી જાય. (પૂ. ભાઈની ડાયરીમાંથી)

(૬) પૂ. ભાઈ કહેતા મેં લગ્ન કર્યા, છોકરો પેદા થયો, મોટો કર્યો, ભણાવ્યો, પરણાવ્યો મારી ફરજ પૂરી થઈ, એનામાં તાકાત શક્તિ હોય એટલું આ દુનિયામાંથી કમાય, મારી સ્થાવરજંગમ મિલ્કતમાં એનો જરાપણ ભાગ નહિ. મેં એને મકાન લઈ આપ્યું. ધંધો ખોલાવી આપ્યો. એ એમના પુત્રને ત્યાં બે છોકરીઓ અને એક છોકરો. દરેકના જન્મ વખતે ૧૦,૦૦૦ આપેલા. આ સાચવજે. ૨૦ વર્ષે કામે જાય કે પરણે ત્યારે ઉપયોગ કરજે. ૨૦ વર્ષમાં તો પાંચ વર્ષે ડબલ થતાં કેટલી મોટી સંખ્યા થાય ?

આવું તો ઘણું છે. આટલા ઉપરથી ખ્યાલ આવશે, સમજાઇ જશે કે હું ભાઈની સાથે કેટલો ઓતપ્રોત, ઘનિષ્ઠ, હૃદયસ્થ સંબંધથી ઘરોબાથી સંકળાયેલો રહ્યો છું. ઘર જેવા સંબંધોથી.

(૭) કરકસરની અવળી અને સવળી બાજુ : બેકીંગ કામ માટે દૂર દૂર જવાનું હોય પાર્સલો છોડાવવાના હોય વિ. માટે મોટો ખર્ચ આવે. તો કહે એ તો કન્યાના કેડે ભાર. પણ જો કોઈ પોતાના સાધનથી કરનાર મળે તો તેને સોંપતા જરાપણ વિચારે નહીં.

મારે અને પૂ. ભાઈને ત્રણેક વખત બેંકીંગ કામમાં મતભેદો પડેલા. મારા કરતાં એમને સદ્ ચંપકભાઈ ઉપર ખૂબ વિશ્વાસ. મારી સાચી વાતને સદ્ ચંપકભાઈ ખોટી બતાવે અને રજૂ કરે તો પૂ. ભાઈ સ્વીકારી લેતા. મને કાગળ લખે કે ચંપક ભાઈનું મંતવ્ય આ પ્રમાણે છે એટલે વાત પડતી મૂકું છું. મેં... કે તમને મારા કરતાં ચંપકભાઈ ઉપર જ જો વધારે વિશ્વાસ હોય તો તેમને બધું જ કામ સોંપો, હવે હું તમારું કામ કરનાર નથી. મને સોંપશો નહિ. આવું ત્રણેકવાર બનેલું અને મને સમજાવી લેવામાં આવેલો. કારણ આખા અમદાવાદ, નડિયાદ, વડોદરા, આણંદ, સુરત, મુંબઈમાં એક રસીદ ઉપર બે વખત વ્યાજ ઉત્પન્ન કરનાર છું. પાકતી રસીદે બેંકમાં જતો અને Pay Order પહેલાં પૂરેપૂરો લઈ લેતાં. અને ૧૦.૪૫ બીજી બેંકમાં જ્યાં પૈસા મૂકવાના હોય ત્યાં પહોંચી જતો. મેનેજરને મળી માણસ મોકલી સ્ટેટ બેંકમાં ક્લીયર તુરંત કરાવતો અને બીજી બેંકની રસીદ એફ.ડી.આર તેજ તારીખની મેળવી લેતો. સદ્ ચંપકભાઈની બેંકની ઘણી ભૂલો આધારિત વર્તન વહેવાર ઝીણાકાકા આપે અને મને વાત કરે, હું ઉકેલી આપતો. આ ઝીણાકાકા કંઈ સમજે નહિ. બહાર બાંકડા ઉપર ઝોકાં ખાય.

(૮) દર વર્ષે ૨૫૦૦૦ના પુસ્તકો મંગાવતા. લોકમિલાપ, ભૂમિપુત્ર, જન કલ્યાણ, અખંડ આનંદ વિ.વિ. શ્રીમોટાએ તો મોટી કે નાની રકમ આપનારને બે દાણા વરીયાળી, પણ આપવાની ટેવ પાડી ન હતી. પૂ.ભાઈ, બાળકો સાથે આવનારને, તેમને વાંચવા અનુકૂળ આવે તેવી ચોપડીઓ ભેટ આપતા. મને કહેતા ધનસુખભાઈ તમારે કોઈપણ આશ્રમ કે સ્નેહીસંબંધીને આપવું હોય તો આપવાની છૂટ છે. મેં જો કોઈ સંજોગોમાં ત્રણ-ચાર ચોપડીઓ આપી હોય તો તેમને ગમે નહિ. બોલાય નહીં, પણ ચોપડીઓની જગ્યા બદલાઈ જાય, આપણે સમજી લેવાનું.

(૯) પૂ. ભાઈનો એક વિશિષ્ટ ગુણ સ્વભાવ કદર કરવાનો રહેતો. કોઈ કામ કરે તો અચૂક તેની કદર ગમે તે નાની મોટી ભેટ આપી કરતાં. કેળાં, સફરજન, સુખડી વિ.વિ. ટપાલી રાંદેરથી રોજ ટપાલ આપવા આશ્રમ આવે તેને કંઈ કંઈ કાગળમાં કેળાં વિ. લપેટી આપે. કોઈને જાણ ન થાય એટલા માટે.

એમણે મારવાડી શેઠને ત્યાં નોકરી કરી હીરાના વેપારમાં નિષ્ણાંત કે પારંગતતા મેળવી હતી. અને બહુ કમાયા હતા. એ જ રીતે શેઠની વળતી દશામાં અનાજ, કરીયાણું સીઝનની કેરી તેને ઘરે મોકલતા વરસો સુધી. દાણાવાળા વેપારીને કહેતા આ સરનામા ઉપર મોકલો. પૈસા લઈ લો પણ મોકલનારના નામની જાણ કરશો નહીં. એક ભાઈ તમારા સ્નેહી લાગણીવાળા હશે તે પૈસા રોકડ આપી મોકલવાનું કહી ગયા છે. દર વર્ષે સંસ્થાઓને ખૂબ પૈસા આપતા. જમણા હાથની વાત ડાબો હાથ ન જાણે.

(૧૦) જીવનમાં કોઈનું કદી લીધું નથી. ભેટ તરીકે આપી છૂટ્યા. પુષ્કળ વિનય, વિવેકી અને ભવિષ્યના વેત્તા આ ભાઈ કેટલા કામ આવશે, ઉપયોગી બનશે એ પાકા ગણત્રીવાળા. તો જ સંબંધ વધારે.

(૧૧) પૂ. ભાઈને ભાગ્યે જ કોઈએ હસતા જોયા હશે. કારણ ૩-૩૦ સવારે ઊઠવું, રાત્રે ૧૨ થી ૧૨-૩૦ સૂવું અને કામોનું દબાણ પણ ઘણું. સ્વજનો સાથે સારી રીતે વર્તે. સંતોષ થાય એ રીતે.

કોઈની વાતમાં તથ્ય ન હોય તો પોતે કામમાં લાગી જતા. એટલે પેલાભાઈ સમજીને જતા રહેતા. રોજ ૫૦ થી ૬૦ કાગળો આવે. વાંચી જવાબ લખે. સમયની ખેંચ અનુભવતા.

(૧૩) માણસ પારખું, બહુ ઓછા બોલા.. શબ્દો તોલી તોલીને, જોખી જોખીને બોલે, પાકા ગણત્રીવાળા, હિસાબનિષ્ઠ, કાબેલ કુશળ વહીવટીકર્તા. દાખલા તરીકે,

આશ્રમમાં પાર્સલો, બીજા સામાનો લાવવાનો ખર્ચ ધીરે ધીરે ઘણો જ વધારે આવતો થયો. મેં અને સદ્ ઝીણાકાકાએ ટેમ્પો લેવાનું નક્કી કર્યું. ભાઈના સ્વભાવથી પરિચિત. કહેશે, પહેલાં પૈસાની ગોઠવણ કરો. અમે અમદાવાદથી ટેમ્પા માટે ૭૫૦૦૦ ની સગવડ નક્કી કરી. પૂ. ભાઈને વાત કરી. ભાઈ કહે પૈસા આપનાર શોધો. અમે કહ્યું તૈયાર છે. અને ત્રીજે દિવસે તે ભાઈ પત્ર મળતાં રૂા. ૭૫,૦૦૦ લઈ આવી પહોંચ્યા. ભાઈ કહે ટેમ્પો લો, ડ્રાઈવર રાખો. પેટ્રોલ અને મેઈન્ટેનન્સ તરીકે રીપેરીંગ વિ. ખર્ચનો હિસાબ કરો. તો એમ લાગે કે, પાર્સલોમાંથી આયાતનો ખર્ચ આના વ્યાજમાંથી નીકળતા પૈસા બચે. મેં કહ્યું ભાઈ જે હેતુથી પૈસા મંગાવ્યા. જો હેતુ આપણે ન સ્વીકારીએ તો પૈસા પાછા આપી દેવા જોઈએ. ભાઈ કહે, પાર્ટીને પૂછો. પાર્ટી કહે એ તો પૂ. શ્રીમોટા કે આપને આપ્યા, જે રીતે વાપરવા હોય તે રીતે વાપરે મને કશો વાંધો નથી. અને આ ૭૫.૦૦૦ રૂા. બેંકમાં વ્યાજે મૂક્યા. અને તેના વ્યાજમાંથી પાર્સલો, વિ.નો ખર્ચ નીકળતો થયો. આવ કુશાગ્ર બુદ્ધિવાળા, આટલી તેજસ્વીતા, અને આર્ષદષ્ટિ - દીર્ઘ દષ્ટિવાળા, પૂ. ભાઈને લાખ લાખ વંદન આનું નામ વહીવટી કુશળતા, કામ લેતાં પણ આવડવું જોઈએ.

*('હરિઃૐ ગુંજ' ઑક્ટોબર-૨૦૦૬, પૃ. ૧૪ થી ૧૬)*

## ગયેલા આત્માને...

૧. અમદાવાદ નિવાસી સ્વ. સુમિત્રાબેન મણીભાઈ પટવાનું તા. ૩૧-૩-૨૦૨૨ના રોજ દેહાવસાન થયેલ છે.

૨. અમદાવાદ નિવાસી સ્વ. ભાસ્કરભાઈ સી. ભટ્ટનું તા. ૧-૪-૨૦૨૨ના રોજ દેહાવસાન થયેલ છે.

૩. અમદાવાદ નિવાસી સ્વ. ચંદ્રકાન્તભાઈ રમણિકલાલ શેરદલાલનું તા. ૩-૪-૨૦૨૨ના રોજ દેહાવસાન થયેલ છે.

૪. અમદાવાદ નિવાસી સ્વ. પૂર્ણિમાબેન કે. શાહ કે જેઓ મંગલમ્ સિનેમાવાળા સ્વ. હર્ષદભાઈ શાહના દીકરી કે જેઓનું તા. ૧૦-૪-૨૦૨૨ના રોજ અવસાન થયેલ છે.

૫. ડૉ. હરીશભાઈ નડિયાદના બનેવી સ્વ. દિનેશચંદ્ર પી. પટેલ (યુ.એસ.એ.)નું તા. ૯-૪-૨૦૨૨ના રોજ અવસાન થયેલ છે.

૬. ચંદીગઢ નિવાસી ડૉ. કૈલાસ કૌશલનું તા. ૧૪-૪-૨૦૨૨ના રોજ અવસાન થયેલ છે.

**શ્રીહરિ મોટા સર્વે ગતાત્માને શાંતિ અને કલ્યાણ અર્પે તેવી આપણા સૌની હૃદયપૂર્વક પ્રાર્થના.**

## ૧૮. સંતરામ મહારાજનું મંદિર

- સંપાદક : ડૉ. રમેશ ભટ્ટ

નડિયાદમાં સંતરામ મહારાજનું બહુ મોટું મંદિર છે. તેઓ એકસો ત્રીસ વર્ષ પહેલાં થઈ ગયા. અવધૂત નગ્નદશામાં જંગલમાં પડ્યા રહેતા હતા. અત્યારે જ્યાં મંદિર છે તે જગામાં એક ભાઈ તેમને લાવ્યા. એ વખતે ત્યાં બાવળી હતી. એમાં તેઓ પડ્યા રહેતા. કોક ખાવાનું લાવે તો પણ એ ફેંકી દેતા. પછી તો મંદિર થયું. **૧૯૩૨માં એ મંદિરને સો વર્ષ થયાં હતાં.** મહારાજના ભક્તોમાં હરિજનો ઘણા હતા. મંદિરની શતાબ્દી ઉજવાઈ ત્યારે બાર-તેર લાખ માણસો આવેલા. એમાં પચ્ચીસેક હજાર હરિજનો હતા. તેમની વ્યવસ્થા કરવા મને નીમેલો. ત્યાં હરિજનો સમક્ષ ખ્રિસ્તી પાદરીઓ ભાષણ આપવા આવે. હું તેમને મળ્યો અને કહ્યું કે, 'આ ઠીક નથી. હિન્દુઓનો ઉત્સવ છે ત્યાં તમે ભાષણ કરશો તો બખેડો થશે.'' તેઓ તો રામકૃષ્ણની પણ વિરુદ્ધ બોલતા હતા. તેઓ માન્યા નહિ એટલે મેં કલેક્ટરને અરજી કરી. પોલીસ પાર્ટી આવી. એમણે સૂચવ્યું કે દૂર જઈને ભાષણ કરે. મેં સંતરામ મહારાજને વાત કરી. તેઓ તો બહાર નીકળે જ નહિ. માત્ર મહા સુદ પૂનમના દિવસે બહાર નીકળે અને સાકર વહેંચે.

એ વખતે ખ્યાતનામ મંડળેશ્વરો પણ પધારેલા. તેઓને કહ્યું કે ''બહાર આવીને તેઓ પ્રવચન કરે'' પણ કંઈક વાંધા લાવીને બહાર આવવાનો ઇન્કાર કરે. મેં દલીલ કરી કે, નરસિંહ, મીરાં, કબીર સાહેબ, જ્ઞાનદેવ વગેરે તો હરિજનો પાસે પણ ગયા હતા. તમને પ્રવચન આપતાં શું થાય છે ? આટલા બધા હરિજનો હિંદુધર્મને માનનારા છે. ગાયમાતાને, તુલસીમાતાને પૂજે છે. આંગણાં સ્વચ્છ રાખે છે- એમને તમે દર્શન પણ ન આપી શકો ? એ તમારા દર્શન ઝંખે છે. હવે તમે નહિ માનો તો હું બધાંને કહીશ તો તમારા પર હલ્લો કરશે. ઘણા પ્રયત્નો પછી દર્શન આપવા માન્યા પણ દર્શન કેવી રીતે આપવાં એનો ઉકેલ મારી પાસે માગ્યો.

મેં કહ્યું : ''તમે બધા બહાર આવીને એક લાઈનમાં ઊભા રહો. બધાં એક પછી એક લાઈનમાં આવીને દર્શન કરી જશે.''

આ કહીને મારે કોઈની અવગણના નથી કરવી, પણ અનુભવી પુરુષમાં મડાગાંઠ કે ભેદ હોય નહિ, માટે બધા મહાત્માઓ અનુભવી હોય એવું હોતું નથી. અનુભવી તો કોઈક જ હોય. મુદ્દો એ છે કે અનુભવી મહાત્માને સમજવા બહુ દુર્લભ. તમે સંસારમાં કોઈ માણસને પારખી શકતા નથી તો આવાને કેવી રીતે પારખવા ?

એટલે જ્યાં આપણી ભાવના વિકસતી હોય, પ્રસન્નતા લાગતી હોય ત્યાં જવું. દરેક વિભૂતિનાં દર્શન પ્રેમભાવથી કરવાં પણ એક ઉપર એકાગ્ર થવાય તો અનેકનો સંસર્ગ થઈ શકે. **માટે આ આશ્રમ પરત્વેનો ભાવ તમારી ગરજ તમારા લાભ માટે રાખજો. તમને ગરજ પ્રકટી હશે તો ખોટું લાગવાનું નથી. ગરજ પ્રકટી હશે તો આવશો, નહિ તો નહિ આવો.**

તા. ૧૯-૧૨-૬૧

*('મૌનમંદિરનો મર્મ' ૧લી આ., પૃ. ૪૨ થી ૪૪)*

### લાલસાઓ જીતવાના ઉપાયો

ઇન્દ્રિયોની લાલસાઓ જીતવાનો ઉપાય જો કોઈ પણ હોય તે તે વેળા ગદ્‌ગદ્ ભાવે ને તેની વેદનાથી ડંખતા અને સાલતા હૃદયે આર્ત ને આર્દ્ર ભાવે શ્રીહરિને પ્રાર્થના કરવી જોઈએ. સતત ભાવનાપૂર્વકનું નામસ્મરણનું એકધારું રટણ થયાં કરવું જોઈએ. એના જેવો બીજો કોઈ સરળ ઉપાય નથી. માનવી બીજાં બધાં માટે મરી મથે છે, પણ ભગવાનને ખાતર મરી જવાનું એને વહાલું-વહાલું લાગતું નથી ત્યાં સુધી એનું બધું કાચું જ છે એમ સમજવાનું છે.

*('જીવનપોકાર' પાંચમી આ., પૃ. ૫૨)*

## ૧૯. પ્રા. એ.જી. ભટ્ટકૃત મોટાચરણે : આંતરપ્રવેશ - કાર્તિકેય ભટ્ટ

**સ્વ-રૂપનું દર્શન થાય જેને તેના ત્રણે તાપ સદા શમે છે;**
**અનન્ય ભાવે હરિને સ્મરે જે સ્વ-રૂપનું દર્શન થાય તેને. ૯૧**

**જેને [આત્મ]સ્વરૂપનું દર્શન થાય છે તેના ત્રણે તાપ [= આધિ, વ્યાધિ, ઉપાધિ] સદા શમે છે; અનન્યભાવે જે હરિને સ્મરે [છે] તેને સ્વ-રૂપનું દર્શન થાય [છે.]**

આ શ્લોકમાં ભટ્ટ સાહેબ હરિના સ્મરણનો મહિમા સ્પષ્ટ કરે છે અને કહે છે કે અનન્યભાવે જે હરિનું સતત સ્મરણ કર્યા કરે છે તેના આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપી સંસારના આ તાપનું તો શમન થાય છે, પરંતુ આ સાથે તેને તેના પોતાના સ્વ-રૂપનું દર્શન થાય છે, આત્મોપલબ્ધિ થાય છે. મજાની વાત તો એ છે કે અહીં ભટ્ટ સાહેબ સગુણ-સાકારરૂપના દર્શનની વાત નથી કરતા પરંતુ જે નિર્ગુણ નિરાકાર છે, જેનું શાસન અંદર-બહાર બધે જ છે એવા આત્મતત્ત્વની ઉપલબ્ધિની વાત કરે છે. ભટ્ટ સાહેબ હરિસ્મરણની વાત કરે છે. આ હરિસ્મરણમાં સ્તુતિ, જપ, ધ્યાન, યોગ, ભક્તિ વગેરે સર્વનો સમાવેશ થાય છે. ટૂંકમાં આત્મપ્રાપ્તિ માટે જેને જે સાધન પોતાની પ્રકૃતિને અનુકૂળ આવે તેને અનુસરી શકે છે. ભટ્ટ સાહેબ લખે છે : ''આત્મકલ્યાણની સાધનાના માર્ગો અનેક છે. શ્રેયાર્થી મનુષ્ય પોતાના રુચિવૈચિત્ર્ય અનુસાર કોઈ ને કોઈ સાધનાનો માર્ગ ગ્રહણ કરે છે. જેમ અનેક નદીઓના પ્રવાહો સમુદ્રને પ્રાપ્ત થાય છે તેમ સાધનાના અનેક માર્ગોમાંથી કોઈ પણ માર્ગ દ્વારા આત્મસાક્ષાત્કાર થાય છે.'' અલબત્ત આમાં કોઈ સિદ્ધપુરુષ કે ગુરુની દોરવણી વિશેષ સહાયભૂત થઈ શકે છે.

ગુરુદેવ શ્રીમોટાનો હરિઃ ૐ જપના રટણથી છ મહિનામાં વઈ-ફેફરું નામનો અસાધ્ય રોગ દૂર થયો હતો. શ્રીમોટાએ એમના સાધનાકાળ દરમિયાન નામસ્મરણની વ્યવસ્થિત યોજના કરી હતી. રોજનો એક કલાક એક અઠવાડિયા સુધી નામસ્મરણ કરવું. દર અઠવાડિયે એ નામસ્મરણનો ગાળો વધારતા જવું. આ સંકલ્પ અને વ્યવસ્થા ટકી શકે એ માટે એમણે સંકલ્પ કર્યો હતો કે જે દિવસે ભગવાનનું સ્મરણ કરવાનું ભુલાઈ જાય એ દિવસે આહારનો ત્યાગ કરવો.

નામસ્મરણથી રોગ કેવી રીતે મટે છે તથા નિરંતર નામસ્મરણથી કામ, ક્રોધ વગેરે કેવી રીતે મોળા પડે છે એ પૂજ્ય શ્રીમોટાએ વૈજ્ઞાનિક પદ્ધતિથી સ્પષ્ટ કર્યું હતું. શ્રીમોટાએ આ અંગે આપેલી વિસ્તૃત સમજૂતીને સંક્ષિપ્તમાં નીચે કોઠારૂપે દર્શાવી શકાય :

પાંચ તત્ત્વોમાંથી - મહાભૂતોમાંથી શરીર બને છે
અને તેની પ્રકૃતિ ત્રણ ગુણોથી બંધાયેલી છે.

| **પાંચ તત્ત્વો** [તેની માત્રાઓ] | **આકાશ** [શબ્દ] | **તેજ** [રૂપ] | **વાયુ** [સ્પર્શ] | **જળ** [રસ] | **પૃથ્વી** [ગંધ] |
|---|---|---|---|---|---|
| | ↓ | ↓ | | ↓ | |
| **ત્રણ ગુણો** | **સત્ત્વ** [નિર્મળતા] | **રજસ્** [અત્યંત વેગ] | | **તમસ્** [અત્યંત જડતા] | |

પૃથ્વી અને જળનો સંબંધ તમસ્ સાથે, તેજ અને વાનો સંબંધ રજસ્ સાથે અને આકાશનો સંબંધ સત્ત્વની સાથે છે. હવે આકાશ અને શબ્દ બન્ને ઓતપ્રોત છે. આથી નામસ્મરણ થકી શબ્દ એટલે આકાશ એટલે કે સત્ત્વગુણ મોખરે આવે. નિર્મળ એવો સત્ત્વગુણ મોખરે આવે એટલે રજસ્ અને તમસ્ ગૌણ બને; આથી એને આશ્રિત કામ, ક્રોધાદિ વિષયો પણ ગૌણ બને. શબ્દનો કેટલો મોટો ચમત્કાર રૅશનલી સમજાવી શકાય !''

ભટ્ટ સાહેબે 'નામમહિમા' નામના એક રેડિયો વાર્તાલાપમાં કહ્યું હતું : ''ભાવપૂર્વક કરેલું ભગવાનનું નામસ્મરણ કે કીર્તન વાંછાકલ્પતરુ અથવા ચિંતામણિ સમાન છે. નામ અને નામીમાં કોઈ ભેદ નથી. કોઈ વ્યક્તિને તેના નામથી પોકારવામાં આવતાં તે સાંભળે છે અને પાસે આવે છે, તો સર્વવ્યાપી અને સર્વાન્તર્યામી ભગવાનને તેનાં અનેક નામોમાંથી કોઈ પણ નામે હૃદયથી પોકારતાં તે સાંભળે જ અને કૃપા કરે તેમાં શી નવાઈ !''

''અંતરના ઊંડા ભાવથી કરેલાં નામકીર્તન, પ્રાર્થના, જપ વગેરેથી સંકટનિવારણ, અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ અને પ્રાપ્ત વસ્તુના રક્ષણરૂપી યોગક્ષેમ, રાગ-દ્વેષ વગેરે અંતરના મળનો નાશ, રોગનાશ, શોક અને ઉદ્વેગનું શમન, સર્વ સદ્‌ગુણોની પ્રાપ્તિ, વાતાવરણની શુદ્ધિ, ભગવત્પ્રાપ્તિ વગેરે અનેક ફળની પ્રાપ્તિ થાય છે. ભવસાગરને તરી જવાનો એ સરળતમ ઉપાય છે.'' શ્રીમદ્‌ભાગવતના શ્લોકોને ટાંકીને ભટ્ટ સાહેબ બોલે છે : ''કીર્તન કરવાથી, સૂર્ય જેમ અંધકારનો નાશ કરે છે અને ભારે પવન જેમ વાદળાંને વિખેરી નાખે છે તેમ ભગવાન ચિત્તમાં પ્રવેશીને [અજ્ઞાનરૂપી] અંધકારનો નાશ કરે છે અને સર્વ દુઃખોનો ધ્વંસ કરે છે.''

એકવાર પૂ. શ્રીમોટા અને ભટ્ટ સાહેબ વચ્ચે ભગવાનના સગુણસ્વરૂપ વિશે લાંબો વાર્તાલાપ થયો હતો, જેમાં શ્રીમોટાએ કહેલી વાતને અત્રે સંક્ષિપ્તમાં રજૂ કરવાનો પ્રયાસ શ્રીમોટાની કૃપાથી થયો છે. શ્રીમોટાએ ભટ્ટ સાહેબને સમજાવ્યું : ''ચેતન એક જ છે. જુદા જુદા દેવો કલ્પ્યા તે તો શાસ્ત્રકારોએ, અનુભવીઓએ કે આને — ચેતનને સ્વીકારી ન શકે. નિરાકારને સ્વીકારી ન શકે. એક નાનામાં નાનું બાળક જેમ શીખવા જાય છે તો પહેલાં એકડો પડાવે છે, મીંડું પડાવે છે, લીટી દોરાવડાવે એમ કરીને શીખવે. એવી રીતે જુદાં જુદાં સાધનો દ્વારા, માણસો એ ગ્રહણ કરી શકે એટલા માટે જુદા જુદા દેવોની આપણા લોકોએ-અનુભવી લોકોએ વાત કરેલી. એ એક જ ચેતન, બીજું કોઈ છે જ નહિ. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, એક સર્જન, એક રક્ષણ-પોષણ અને એક લય. આ ત્રણે કર્મો ચેતનના, એ સમજાવવા માટે ત્રણ દેવો બનાવ્યા. ગણપતિની સ્તુતિ કરતો હોઉં કે પાઠ કરતો હોઉં તો પણ મારા મનમાં, મારી બુદ્ધિથી એમ જ સમજું કે આ ચેતન એક જ છે.'' અંતે શ્રી ભટ્ટ સાહેબને શ્રીમોટાએ કહ્યું : ''ભટ્ટ સાહેબ, હંમેશાં આદર્શ રાખવો તો ઉચ્ચમાં ઉચ્ચ આદર્શ રાખવો.'' આથી ભટ્ટ સાહેબે પણ આ કડીમાં પોતાના સ્વરૂપની ઉપલબ્ધિની વાત કરી છે.

*(ક્રમશઃ)*

**'હરિઃૐ આશ્રમ, નડિયાદ'ને**
**ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૨ દરમિયાન રૂા. ૧૨,૫૭,૧૩૮/- દાન મળેલ છે.**
**શ્રીહરિ મોટા સૌનું યશ-કલ્યાણ પ્રેરે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના.**


હરિ :ૐ॥















**(Printed Matter)**

**RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL